# પ્રકરણ : ૪

## वैश्विकचेतनासन्दर्भे : कवे : काव्यरचना :

## [વૈશ્વિક ચેતના સંદર્ભે કવિનું કાવ્યવિશ્વ]

**પ્રસ્તાવના :**

ડૉ. હર્ષદેવ માધવને આધુનિક સંસ્કૃત સાહિત્યના અગ્રેસર કવિ ગણવામાં આવે છે. આધુનિક સંસ્કૃત કાવ્ય સાહિત્યમા તેમનું પ્રદાન અનન્ય છે. નવી–નવી રચના રીતીઓ અપનાવીને તેઓ સંસ્કૃત કવિતાને એક જુદી જ દિશામાં લઈ ગયા છે. ડૉ. હર્ષદેવ માધવે આધુનિક સંસ્કૃત સાહિત્યમાં એક નવા યુગની શરૂઆત કરી છે. તેમણે મિથકો અને પુરાકલ્પનોની વાર્તાઓ અને તેના પાત્રોને એક જુદા જ સ્વરૂપે આપણી સમક્ષ પ્રગટ કર્યા છે. તેઓ કુદરતની જીવસૃષ્ટિ, વન્યસૃષ્ટિ, પ્રાણી સૃષ્ટિ વગેરેની એકરૂપતાને રજૂ કરે છે પણ પોતાની આગવી શૈલીમાં. તેઓ પોતાની કલમ દ્વારા સ્થળ, રહિર, પ્રાણી, પક્ષી, સ્ત્રી, પુરુષ વગેરેનું વર્ણન કરે છે પરંતુ કંઈક નવા જ રંગરૂપ સાથે હર્ષદેવ માધવે પોતાની કવિતામાં એક શબ્દનો પણ વ્યય કર્યો નથી. તેમના કુદરતી શબ્દચિત્રોમાં ઘણી બધી નવીનતા જોવા મળે છે. તેઓ ધરતીમાતા સાથે ઉષ્માપૂર્વક સંકળાયેલા છે છતા તેમની આંખો આકાશને તાકી રહી છે.

શ્રી હર્ષદેવ માધવનાં કાવ્યોમાં પ્રતિબિંબિત થગતું વિષયવૈવિધ્ય ઉડીને આંખે વળગે એવું છે. એમનાં કાવ્યોમાં ગુજરાત, ભારત અને વિશ્વના અનેક પ્રદેશોમાં આકાર લેતી વિવિધ સાંપ્રત ઘટનાઓ પ્રત્યેનાં પોતીકા સંવેદનો અને સ્પંદનો સુપેરે ઝીલાયાં છે. આ કવિશ્રીનાં (1) मृगया (2) बुद्धस्य भीक्षापात्रे અને (3) तव स्पर्शे स्पर्शे એ ત્રણ કાવ્યસંગ્રહોમાં પ્રગટ થતી નારીચેતના, દલિત ચેતના, સામાજિક ચેતના, શ્રમીક જીવન સંવેદન, આમ આદમીની જીવન સંવેદના, ઉપરાંત વૈશ્વિક સંદર્ભો, વ્યક્તિ પ્રભાવ વાદ,

અસ્તિત્વવાદ, કૌતુકરાગીકવિતાવાદ, વિદેશજવાદ વગેરે સંદર્ભે વિસ્તૃત નિરીક્ષણ અને અભ્યાસ કરવાનો અહીં ઉપક્રમ છે :

## (૧) નારી ચેતના :

'नारीचेतना नारीसंवेदना च नारीवादः ।'(1)

એટલે કે નારીની ચેતના, વેદના સંવેદના નારીવાદ છે. કરુણા અને ઉપેક્ષાથી ઉત્પન્ન થયેલ 'નારીવાદ' માને છે કે, પુરુષ શાસિત સમાજ વ્યવસ્થા દ્વારા સ્ત્રીઓનું શોષણ સદીઓથી થતું આવ્યું છે. નારીવાદ પુરુષ પ્રભુત્વવાળી સંસ્કૃતિની નિંદા કરે છે. ઋતુધર્મ:, ગર્ભાધાન અને પ્રસવપીડાનો અનુભવ સ્ત્રીઓ જ કરે છે. તેમનો ભાવાવેગ પુરુષોથી તદ્દન ભિન્ન છે. ધાર્મિક ક્રિયાકાંડોમાં પણ સ્ત્રીઓની વિરુધ્ધના તત્વો છોડી દેવા જોઈએ. સાહિત્યમાં નારી સંવેદના યુક્ત કૃતિઓ રચાઈ છે તેમાં પણ સ્ત્રી પ્રત્યેનો દષ્ટિકોણ બદલાવો જોઈએ. સ્ત્રી–પીડા પ્રત્યેની કરુણાને નારી સંવેદના કહેવામાં આવે છે. પરંતુ જ્યારે સ્ત્રી પોતાની અભિવ્યક્તિને ભાવનાઓને પોતે જ વર્ણવે, લખે ત્યારે તેને ' નારી–ચેતના' કહેવામાં આવે છે. 'વર્જિનિયા વુલ્ફ', ડપેલ સ્પેન્ડર', કેતમિલે' સિમો ધ બુવા' વગેરે લેખકો નારીવાદના સમર્થકો છે.

વીસમી સદીના સાતમાં દાયકામાં આંતરરાષ્ટ્રીય નારીમુક્તિ આંદોલન થયું ત્યારબાદ નારીવાદી વિચારણાનો ઉદ્‌ભવ, પ્રસાર અને પ્રચાર થયો. સદીઓથી ચાલી આવતી પુરુષોની સત્તા પ્રત્યે નારી સમાજ તરફથી વિરોધના સૂર ઉઠયા નારી આંદોલનના સર્જનાત્મક ઉન્મેષરૂપે જે સાહિત્ય રચાયું તેને 'ફેમિનિસ્ટ' – 'નારીવાદી' કહેવાય છે. નારીવાદની વિભાવના ભલે પશ્ચિમમાં ઉદ્દભવી છે પરંતુ તેના મૂળ ભારતમાં રહેલા છે. ભારતીય નારીવાદની પોતાની આગવી ઓળખ છે. નારી ગૌરવની પરંપરા આપણા મહાકાવ્યો કે લોકસાહિત્યમાં પણ જોવા મળે છે. નારીમુક્તિના ભાગરૂપે સતીપ્રથા, બાળલગ્ન જેવા કુરૂવાજોનો વિરોધ થયો છે. ગાંધીજીના સમયમાં પણ નારી સ્વાતંત્ર્ય અને નારી કેળવણની ચળવળ થઈ છે. અત્યારના સમયમાં પણ દહેજપ્રથા, બાળલગ્ન,

બળાત્કાર, નારીભ્રૂણહત્યા, છૂટાછેડા જેવા દૂષણો દુર કરવા તથા સ્ત્રીના આર્થિક સ્વાતંત્ર્ય અને સમાનતા માટે ચળવળ ચાલે છે. સંસ્કૃત કાવ્ય પરંપરામાં 'સ્ત્રી–સંવેદના' પ્રાચીન સાહિત્યમાં પણ જોવા મળે છે. પરંતુ આધુનિક રચનાઓમાં સ્ત્રીઓ તરફનાં અત્યંત વિશ્વાસ અને તેની પીડા પ્રત્યે કરુણા જોવા મળે છે. જેમકે,

"स्नानगृहं गत्वा

गृहकलेशश्रान्ता वधूः

निःशब्दं रोदिति

तदा स्नानगृहं तस्याः पितृगृहं भवति ।"(2)

(बुद्धस्य भिक्षापात्रे, (5)

અર્થાત્ જ્યારે ગૃહકલેશોથી થાકેલી પુત્રવધૂ સ્નાનગૃહમાં જઈને નિઃશબ્દ રડે છે ત્યારે સ્નાનગૃહ તેનું પિયર બની જાય છે. 'गृहिणी' કાવ્યમાં પણ કવિ ગૃહિણી રૂપે રહેલ સ્ત્રીના મનોભાવોને વ્યક્ત કરે છે કે સ્ત્રી જ્યારે હસે છે તો બધા તે સાંભળે છે પરંતુ જ્યારે તે રડે છે ત્યારે માત્ર સ્નાનાગાર જ તેનો શ્રોતા બને છે. તે પોતાની જાતને ઓળખવા દર્પણ (કાચ)ને સહારો લે છે. સ્ત્રી હંમેશા પતિના પડછાયા તરીકે જ ઓળખાય છે. ગમે તેટલી મુશ્કેલી આવે પરંતુ સ્ત્રી વિચલિત નથી થતી તે પોતાના માર્ગમાં અડગ ઊભી રહે છે. 'पिपीलिका' કાવ્યમાં સ્ત્રીઓની સ્થિતિ વિશેનું નિરૂપણ જુઓ :

"कोऽपीष्टकां निर्मिमाति

कोऽपि विक्रीणाति

कोऽपि क्रीणाति ।

अनाथा

'आदिवासी' कन्या प्रतीकरूपेयं

न जानाति

पत्र वसति सा

तत् कस्य गृहमस्तीति ॥"

અહીં કવિ કહેવા માગે છે કે સ્ત્રીઓનું હૃદય ઈંટ જેવું કઠિન હોય છે તેઓ પ્રહારોને ભૂલી જાય છે આ ઉપરાંત શહેનશાહ અકબરે સલીમના વિવાહ અનારકલી જોડે ન થાય તે માટે અનારકલીને દિવાલમાં જીવતી ચણી લીધી હતી. તે ઐતિહાસિક કથાને પણ કવિએ અહીં વણી લીધી છે અને તે સમયની સ્ત્રીઓની સ્થિતિ નીરૂપી છે. 'વેશ્યા' કાવ્યમાં કવિએ વેશ્યાના રૂપમાં રહેલી સ્ત્રીની મનઃસ્થિતિનું વર્ણન કર્યું છે. પતિમાં પ્રંચડ શક્તિનો સંચાર કરનારી આ નારીની સૌથી દુખદાયી અવસ્થા હોય તો તે છે પતિનો વિયોગ એમાં તેના સુખનાં સઘળા સ્વપ્નો ધ્વસ્ત થઈ જાય છે. તેમાં પારાવાર દુઃખ હોય છે. સીતાનું મોટાભાગનું જીવન રામના વિયોગમાં જ પસાર થયું છે. જેમકે,

'हदयकमलशोषी दारुणो दीर्धशोकः ।[3] (उत्तर 3/5)

સીતાએ પોતાના ચારિત્ર્યની શુધ્ધિ માટે અગ્નિપરીક્ષા પણ આપવી પડી.

'तव स्पर्शे स्पर्शे' કાવ્યસંગ્રહના 'पाणिग्रहणम्' કાવ્યમાં સ્ત્રીઓની આંતરિક વ્યથા રજુ કરી છે.

"अधुना

अहं ते गृहे

पञ्जरस्था जाता ।

भित्तिलम्बितघटिकायन्त्रसदृशी

मम गतिरस्ति ।

प्रेक्षणीयतां गताऽस्मि

तवद् महार्हगृहोपकरणवत् ।"[4]

અહીં કવિ હર્ષદેવ માધવ કહેવા માગે છે કે, લગ્ન પછી સ્ત્રીઓનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ લુપ્ત થઈ જાય છે. તે પોતાની આગવી ઓળખ અને સ્વતંત્રતા ગુમાવી બેસે છે. લોકો જોવાલાયક વસ્તુઓ જેવી કે, ટી.વી. ઘરની જેમ સ્ત્રીની રસોઈને, રૂપને, શરીરને વખાણે છે એટલે કે સ્ત્રી જાણે કે જોવાલાયક વસ્તુ જેવી બની ગઈ હોય તેવું લાગે છે.

લગ્નને સંસ્કૃતમાં 'पाणिग्रहण' કહેવામાં આવે છે પરંતુ આ પાણિગ્રહણ તો 'ગ્રહણ' થઈને પોતાની ઉપર બેસી ગયું છે. આ ગ્રહણ ક્યારે દૂર થશે ? પોતાના બધા સ્વપ્નો, મનોરથો લૂંટાઈ ગયા હોય તેવું લાગે છે. પોતે સીતા અને શકુન્તલા જેવી સહનશીલ નારી નથી. અહીં કવિએ અર્વાચીનની સાથે–સાથે પ્રાચીન પરંપરાનો પણ ઉલ્લેખ કર્યો છે. રામાયણકાળમાં પણ સીતાનો કોઈ અપરાધ ન હોવા છતા તેણે વનવાસ ભોગવવો પડયો હતો અને પોતાના ચારિત્ર્યની શુદ્ધિની ખાતરી માટે અગ્નિપરીક્ષા આપવી પડી હતી. શકુન્તલાએ પણ દુર્વાસા મુનિએ આપેલા શાપને ભોગવવો પડયો હતો. આમ, પ્રાચીનકાળમાં સ્ત્રીઓની સ્થિતિ કેવી હતી તેના વિશે પણ અહીં આલેખન થયું છે.

'शकुन्तलाया उक्तिः' માં પણ આ જ વાત વર્ણવી છે. અહીં શકુન્તલા પોતાની વ્યથા વ્યક્ત કરે છે. પોતે તો મૃત્યુ પામી છે પરંતુ એક માતા તરીકે જીવતી છે. માતાના સ્વરૂપમાં રહેલી નારી પોતાના સંતાનો પ્રત્યે કરૂણામયી હોય છે. તે ડગલેને પગલે પોતાના સંતાનોની ચિંતા કરે છે. ભગવતી પૃથ્વી સીતાના સુખ અને કલ્યાણ માટે સદા ચિંતિત છે. અહીં મહાભારતનું ઉદાહરણ અપાયું છે કે પાંડવોએ દ્રૌપદીને જુગારમાં મૂકી અને હાર્યા, ભરી સભામાં તે પ્રદર્શન બનીને રહી ગઈ. સ્ત્રીઓ તો હંમેશા દુઃખ જ ભોગવવા માટે બની છે તો પછી સ્ત્રીઓનું સર્જન જ શું કામ કર્યું ?[5]

કહેવાય છે કે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં એવી શક્તિ છે કે કોઈ અપરાધી ગીતા સાંભળે તો એના પાપ ધોવાઈ જાય છે એમ પોતે પણ ઈશ્વર પાસે જાય છે પરંતુ ઈશ્વર પોતે પણ માનવતા સર્જનનો પશ્ચાતાપ કરે છે.

'अतिथि' કાવ્યમાં કવિ કહે છે કે,

"स आगमिस्यतीति

विचिन्त्य

मया तोरणद्वारे नयने मे बद्धे ।

अश्रुबिन्दुन् प्रमृज्य

हदयं क्षालितम् ।

प्रवेशद्वारे

मनोरथैरल्पना (रंगावली) रचना कृता ।"

'શરદચંદ્રની 'દેવદાસ' નવલકથાની નાયિકાની ઉક્તિ' કાવ્યમાં નાયિકા પોતાની મનઃસ્થિતિ રજૂ કરે છે. પોતે કેટલા પ્રેમ, લાગણી, મધુરતાથી દેવદાસને રાખતી હતી છતાં દેવદાસે તેને તિરસ્કારી, તરછોડી દીધી એ વાતનું નિરૂપણ કર્યું છે.

'मृगया' કાવ્યસંગ્રહના 'षोडशसहस्रचित्काराणां મધ્યે कोऽप्येक: કાવ્યમાં કવિએ શ્રી કૃષ્ણની સોળ હજાર રાણીઓ વિશે વાત કરી છે. આ કથા મહાભારતના મૂશળપર્વમાં વર્ણવાઈ છે. કૃષ્ણના સ્વર્ગારોહણ પછી પાંચનદ (પંજાબ)ના ચોરોએ કૃષ્ણની સ્ત્રીઓનું અપહરણ કર્યું હતું. સાંબને જોઈને તેના રૂપમાં આસક્ત કૃષ્ણની સ્ત્રીઓ જ્યારે નારદને જોઈને તેને વંદન કરવા ઊભી થઈ ત્યારે તેમના જઘનો પરથી કલેદ સ્ખલિત થયો. આથી કૃષ્ણને સ્ત્રીઓને શાપ આપ્યો કે ''પાંચનદના ચોરો તમારું અપહરણ કરશે.'' આ કથા પુરાણોમાં વર્ણવાઈ છે. આ એક પુરાકલ્પન (મિથ) કાવ્ય છે. જ્યારે શ્રી કૃષ્ણનું સ્વર્ગારોહણ થયું ત્યારે પાંચનદના ચોરો વડે શ્રી કૃષ્ણની 16 હજાર રાણીઓનું અપહરણ થયું હતું તેમની વ્યથા આ કાવ્યમાં કહેવામાં આવી છે. અપહરણ એ દુષ્કર્મ છે છતાં શ્રી કૃષ્ણે 16 હજાર રાણીઓનું અપહરણ થાય તેવો શાપ આપ્યો જે ખરેખર અયોગ્ય હતો.

'कुन्तायाः सूर्य प्रत्युकितः' કાવ્યમાં કુંતાએ સૂર્યને જે ક્ષણે આહવાન્ કરેલું તે ક્ષણનું વર્ણન છે. અહીં કર્ણ જન્મની વાત છે. કુંતાની એક ક્ષણની ભૂલથી મહાભારતના ઈતિહાસમાં એક પાત્રનું આગમન થયું પરંતુ કુંતાએ જ્યારે સૂર્યનું આહવાન કર્યું ત્યારે કુંતાનું સમગ્ર અસ્તિત્વ સૂર્યને બોલાવતું હતું. કુંતાના ભાવોની તીવ્રતા अश्वानामकिाः समुत्पन्नोडस्ति' વડે વ્યક્ત થાય છે. કુંતાનો ભાવ વ્યક્ત કરવા 'અશ્વ' શબ્દનો ઉપયોગ કરાયો છે. 'અશ્વ' કામ અને ગતિ બંનેનું પ્રતીક છે. કુંતાએ સૂર્યને પતિસ્વરૂપે આમંત્રેલા અને માતા અદિતિની જેમ જ સૂર્યના એક સ્વરૂપને પોતાના ગર્ભમાં ધારણ કરવા ઈચ્છેલું જે નીચેની પંક્તિ દ્વારા નિરૂપાયેલ છે.

"अहमपि
अदितिवत्
द्वितीयं सूर्यं
गर्भे धारयितुं कामये ।"

સંજ્ઞા સૂર્યની પત્ની છે. સૂર્યનું તેજ સહન ન થતાં તેણે ઘોડી થઈને ઉત્તરકુરુના પ્રદેશમાં તપ કર્યું હતુ આ કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે. આ કાવ્ય મિથનું સૌથી ઉત્તમ ઉદાહરણ છે. સૂર્યની સાથે સમાગમ પામતી કુંતીનો પ્રેમાવેગ, ઉલ્લાસ, વિશ્વળતા, કામની પરવશતા, યૌવનનો થનગનાટ, સૂર્ય સાથેના સંભોગની ક્ષણોની તૃપ્તિ વગેરે બાબતો આમાં સૂચવાઈ છે. આધુનિક સંસ્કૃતમાં આ એક નોંધપાત્ર ઘટના ગણાય તેવું કાવ્ય છે.

જ્યારે સ્ત્રીના સ્વગતોક્તિનાં રૂપમાં સ્ત્રીનાં હૃદયનો મનોભાવ હોય છે ત્યારે તે ' નારીચેતના' ની પરિભાષા બને છે.

“प्रिय

आवेदयामाहम्

उद्घाटय

तव चक्षुद्वारम् ।

अहमिच्छामि

रचयितुं

मम सिन्दूररेखाम् ।” (सूर्यायते नभः, 16)

**અર્થાત્ હે પ્રિય ! હું તને વિનંતી કરું છું કે, તુ તારી આંખોના દ્વારને ખોલ. હું મારી સિંદૂર રેખા રચવા ઈચ્છું છું. સમાજ અને પરિવારમાં પિતૃપ્રધાન મૂલ્યોનો અસ્વીકાર પુરુષો સમાન સ્ત્રીઓના અધિકારોનો સ્વીકાર, સ્ત્રીઓમાં આત્મગૌરવની જાગૃતિ, તેમના પ્રત્યે કરવામાં આવતો અત્યાચાર, અપમાન અને શોષણ વિગેરેનો પ્રતિરોધ કરવામાં આવે તો નારીચેતના જીવંત રહેશે. ‘**शकुन्तलाया उकितः**’ કાવ્યમાં કવિ શકુન્તલા, મંદોદરી, વૃંદા વગેરેના ઉદાહરણ દ્વારા સ્ત્રીઓની અવદશાને વર્ણવે છે. શકુન્તલા જેમ પુત્રના કારણે દુષ્યંત દ્વારા સ્વીકારાઈ તેમ આજની સ્ત્રીઓને પુત્રની લાલચમાં સ્વીકારવામાં આવે છે. સ્ત્રીનું પત્ની તરીકેના મૂલ્ય કરતાં મા તરીકેનું સ્થાન ઊંચું છે. પતિના મનમાં પત્ની તરીકે લાશ બની ચૂકેલી સ્ત્રી બાળકની માતા રૂપે જીવે છે. રાવણ જેવા દુષ્ટ પુરુષને પ્રેમ કરનારી સ્ત્રીઓ મંદોદરીની જેમ મૂઢ છે. સ્ત્રીઓના ભાગ્યમાં દુઃખ ભોગવવાની પરમાત્માએ લખેલી નસીબરેખાને વખોડતા કવિ પૌરાણિક પાત્રો દ્વારા નારી સંવેદનાને વાચા આપે છે.**

**(2) <u>દલિત ચેતના</u> :**

“शोषितदलितजनगतानां पीडाव्यग्रता –

रोषादीनां निरूपणं दलितचेतना ॥”[6]

અર્થાત્ શોષિત, દલિત લોકોની પીડા, વ્યગ્રતા, રોષ વગેરેનું નિરૂપણ થાય તેને ' દલિત ચેતના' કહે છે. દલિત એટલે मृदितः (કચડાયેલું), पिष्टः (પીસાયેલું), શોષાયેલું, 'दल' ધાતુને 'कत' પ્રત્યયથી ઉત્યયથી ઉત્પન્ન થયેલ આ શબ્દ ખંડિત, શોષિત, પીડિત અને વિદીર્ણ વસ્તુઓનો સંકેત સૂચવે છે. સંસ્કૃતમાં જે અન્ત્યજ, અસ્પૃશ્ય, વ્યક્તિ છે તેને ' દલિત' કહેવામાં આવે છે. 'દલિત' શબ્દથી શોષણ, પીડા, વ્યથા અને દુ:ખ વગેરેથી કચડાયેલા, કષ્ટ પામેલા લોકોનો અર્થ સૂચિત થાય છે.

સમાજવ્યવસ્થા અને વર્ણવ્યવસ્થાથી સમૃદ્ધ વર્ગોના શોષણ અને બળથી જેને કષ્ટ, દુ:ખ પહોંચ્યું છે તે 'દલિત' છે. 'दलितेभ्यः स्वात्मगौरवबोधाय तदधिकारज्ञानाय या क्रान्तिः सा दलितचेतना ।' દલિતો માટે આત્ગૌરવનો બોધ અને તેના અધિકારનું જ્ઞાન કરાવવા માટે જે ક્રાંતિ છે તે દલિત ચેતના છે. દલિતોએ શારીરિક કષ્ટો સહન ર્ક્યા છે તેમજ માનસિક તાણ પણ અનુભવી છે. તેમણે બહિષ્કૃત યાતનાનો અનુભવ કરેલ છે. ગરીબોનું સામાજિક, ધાર્મિક, આર્થિક, નૈતિક અને શારીરિક શોષણ થાય છે. માનવીય અધિકારોથી તેમને વંચિત રાખવામાં આવ્યા છે. શ્રીમંત વ્યક્તિઓએ ગરીબ વ્યક્તિઓનો તિરસ્કાર કય ો છે તેઓ પણ આ અર્થમાં દલિત છે.

અમેરિકન લેખક એલનાર જીલિયટે 'દલિત' સંજ્ઞા સંદર્ભે લખ્યું છે કે – "Dalit is a common identity of those Indians who are particularly socially neglected, untouchables, shudras, suppressed and backward;" (દલિત એ સામાજિક રીતે અછૂત, શૂદ્ર, બહિષ્કૃત, ઉત્પીડિત અને પછાત એવા ભારતીયોની સામાન્ય ઓળખ છે.) ડો. આનંદ વાક્કરના મતે ગાંધીજીએ 'હરિજન', શ્રી મગાટેએ 'અસ્પૃશ્ય', ડૉ. આંબેડકરે 'બહિષ્કૃત' અને 'અછૂત' શબ્દપ્રયોગો આ અર્થમાં ર્ક્યા હતાં. 'દલિત' શબ્દ આધુનિક છે અને દલિતપણું પ્રાચીન. પ્રાચીન સાહિત્યમાં શૂદ્ર, ચાંડાલ, અત્યંજે વગેરે શબ્દો દલિતના પુરોગામીઓ છે. 'દલિતપેંથર' પ્રમાણે અમેરિકામાં 'નીગ્રો' મુક્તિ માટે બનેલ 'બ્લેકપેંથર'ની પ્રેરણાથી ઈ. 1972 માં 'દલિતપેંથર'ની સ્થાપના થઈ. ત્યારથી 'દલિત'

શબ્દ ઝડપથી પ્રચલિત થયો છે. સૌ પ્રથમ મહારાષ્ટ્રમાં દલિત સાહિત્યનું આંદોલન શરૂ થયું અને તેનો પ્રભાવ ગુજરાતમાં પ્રસર્યો. દલિતોમાં જાગૃતિ આવવા લાગી.

૨૦ મી સદીમાં સામ્યવાદની શરૂઆત થઈ. સમાજના પછાત, ગરીબ, પીડિત, શોષિત વર્ગ માટે સાહિત્યકારોએ ચિંતન શરૂ કર્યું. સામ્યવાદમાં ગરીબો પ્રત્યેની સહાનુભૂતિ જોવા મળતી હતી. તેના પછી દલિતચેતના નામનો નવો કાવ્યવાદ અસ્તિત્વમાં આવ્યો. જેમાં સમાજના અત્યંત ગરીબ અને શોષિત વર્ગને આપણી સમક્ષ રજુ કરાયો છે. આધુનિક સંસ્કૃત સાહિત્યમાં પણ ‘‘દલિત ચેતના’’ સુપેરે વ્યક્ત થતી આવી છે. ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠીની કાવ્યરચનામાં સામ્યવાદી અસર જોવા મળે છે. સંસ્કૃત કવિયિત્રી રામારાવે ‘શ્રમગીતા’ નામનું કાવ્ય લખ્યું જેમાં દલિતોની સ્થિતિનું વર્ણન કર્યું છે.

હર્ષદેવ માધવે तव स्पर्शे स्पर्शे કાવ્યસંગ્રહના ‘कृषीबलः’ કાવ્યમાં ગરીબોની સ્થિતિ વર્ણવી છે.

‘‘वृषभयोर्वसुन्धरायाश्च भारः ।

वृषभौ धुरां वहतः

अहं वहामि दुःखस्य भारम् ।

दुःखं मां वहति ।

कः कं वहति ?”

અહીં ‘ખેડૂત’ ની પરિસ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. ‘ખેડૂત’ ને ધરતીનો પુત્ર કહેવામં આવે છે. પરંતુ આજે તેની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. ભારત ખેતીપ્રધાન દેશ છે. દેશની 70% વસ્તી ખેતી ઉપર જ નભે છે. દેશમાં જળસ્રોતો ઓછા પ્રમાણમાં હોવાથી પાક નિષ્ફળ જાય છે અને તેની અસર ખેડૂતો ઉપર પડે છે. પાક નિષ્ફળ જવાથી ખેડૂતોને પોતાનો જીવનનિર્વાહ કરવો પણ મુશ્કેલ બને છે અને તેઓ માનસિક બોજા હેઠળ જીવે છે. ખેડૂત પોતાને પૃથ્વીનો ભાર માને છે અને કહે છે કે પૃથ્વી બળદોના ભારથી થાકી ગઈ છે, બળદો હળના બોજથી થાક્યા છે અને પોતે જીવનના બોજથી થાક્યો છે તે જીવનથી કંટાળી

ગયો છે. જીવનમાં આવેલી પડતીથી પોતે થાકી ગયો છે હવે તેનામાં જીવન સાથે લડવાની, ઝઝૂમવાની શક્તિ રહી નથી. પોતે કંઈપણ સારું કાર્ય કરશે તો પણ તે ખરાબ જ થશે તેવો ડર સતત તેને લાગે છે. પોતે અનેકાનેક દુઃખ વેઠીને ખેતી કરતો હોવા છતાં લોકો હંમેશા તેને તિરસ્કૃત કરતા આવ્યાં છે. આ બધું હવે પોતાનાથી સહન થતું નથી. આવું તિરસ્કૃત જીવન જીવવું એના કરતાં તો મૃત્યુ સારું. અને છેલ્લે તે કહે છે કે જેમ હું આ બધાથી થાકી ગયો છું તેમ મારાથી પણ કોઈક થાકી ગયું હશે એટલે કે ઈશ્વર, ઈશ્વર તેના બોજથી થાકી ગયો હશે એમ તે માને છે.

"तैलिकबलीवर्दस्य स्वोक्तिः' કાવ્યમાં હર્ષદેવ માધવે ઘાણીમાં ના બળદની વાત દ્વારા શોષિત વર્ગનું નિરૂપણ કર્યું છે. અહીં કવિએ ગ્રીક પુરાણકથા સિસિફસની વાત રજૂ કરી છે. આ દંતકથામાં સિસિફસ નામના એક રાજાની વાત રજૂ કરવામાં આવી છે. સિસિફસ એ ઈફેરાનો રાજા હતો. જેનું નામ અત્યારે કોરિન્થ તરીકે પ્રખ્યાત છે તે પોતાની ચાલાકી અને છેતરપીંડી દ્વારા સત્તાનો દુરપયોગ કરતો હતો તેથી તેના આ કૃત્ય બદલ તેને સજા આપવામાં આવી કે તેણે એક ખૂબ જ ઊંચા પર્વત ઉપર મોટા ગોળ પથ્થરને ચડાવવો. તેણે આ કાર્ય આજીવન કરવાનું છે. ઘાણામાં રહેલા બળદની પણ આવી જ સ્થિતિ છે. તેણે પણ આજીવન ચાલી–ચાલીને તેલ કાઢવાનું છે. 'चरति चरतो भगः ।' અહીં બળદની સ્વગતોક્તિ નિરૂપી છે. તે કહે છે કે પોતે તો ફરે છે પણ તેનું નસીબ એક જ જગ્યાએ સ્થિર ઊભુ રહી ગયું છે. પોતાનું જીવન જાણે થંભી ગયું હોય તેવું તેને લાગે છે. પોતે ભાર ઉઠાવી ઉઠાવીને થાકી ગયો છે અને હવે તેને પોતાનું મૃત્યુ દેખાય છે. પોતે પથ્થર નીચે પીલાઈને સીંગના દાણામાંથી તેલ કાઢવા મથે છે. 'अन्नाद् भवन्ति भूतानि ।' છેલ્લે તે કહે છે કે હું અન્ન છું મારા પગ હંમેશા અન્નને પીલવા માટે દોડતા રહે.

હર્ષદેવે અહીં ઘાણીના બળદની સ્વગતોક્તિ દ્વારા પછાત સમાજ વિશે વાત કરી છે. નિમ્ન પ્રકારનું કામ કરતી વ્યક્તિને લોકો ધૃણાની દૃષ્ટિથી જોવે છે. તેની નિંદા કરે છે, મજાક ઉડાડે છે જે યોગ્ય નથી આ બધા કારણોસર તે વ્યક્તિ પોતાને નિમ્ન માને છે પોતે

બીજાનો બોજો ઉઠાવતી હોય, કામ કરતી હોય છતાં તેને તે વાતનો શ્રેય નથી મળતો. તેને પોતાનું નસીબ એક ડગલું આગળ હોય એવું લાગે છે. અને તેથી તેને જીવન જીવવાં કરતાં મૃત્યુ પોતાને ભેટી લે એવું તે માને છે.

'प्राणिसंग्रहालये बद्धस्य सिंहस्य विषादः' આ કાવ્યમાં કવિએ દલિતચેતનાને નિરૂપી છે. પ્રાણીસંગ્રહાલયમાં સિંહ કેદ થયેલો હોય છે. આ વાતને હર્ષદેવ માધવે ગરીબ વ્યક્તિઓના સંદર્ભ સાથે સાંકળી છે. ગરીબ વ્યક્તિઓ પરતંત્ર હોય છે તેઓ પોતાની જાતે કંઈ કરી શકતા નથી લોકો તેમની મશ્કરી કરે છે, મજાક ઉડાવે છે અહીં સિંહના પાત્ર દ્વારા નિરૂપાયું છે કે જે સિંહની ગર્જનાથી સમગ્ર જંગલ હલી જતું હતું, પ્રાણીઓને બીક લાગતી હતી એ જ સિંહ આજે બંધાયેલો કેદ છે તો તેના અવાજથી એક તણખલુંય હલતું નથી. અહીં કવિએ સત્તાનું મહત્વ બતાવ્યુ છે કે જે સમયે જે સત્તા ઉપર હોય તેનું જ રાજ ચાલે છે એક વખત વ્યક્તિ જો સત્તા ઉપરથી ઊતરી જાય તો પછી તેનું માન રહેતું નથી. અત્યારના સમયમાં લોકો ખોટું કામ કરીને, છળ–કપટ કરીને આગળ આવે છે અને જે સીધા–સાદા લોકો છે તે પાછળ જતા જાય છે. વ્યક્તિના વ્યક્તિત્વમાં કેટલું પરિવર્તન આવે છે તે આપણે નીચેની પંક્તિ દ્વારા જોઈ શકીએ છીએ.

"कवलीकरोमि स्म

गजेन्द्रान्

किन्त्वधुना –

भोजनवेलां प्रतिपालयामि

अह्नि शूदैः क्षिप्तान् मांसखण्डान् ।

किमिदमेव भाग्यपरिवर्तनम् ?"

ભાગ્ય ઘણું બળવાન છે તે વ્યક્તિને રાજામાંથી રંક અને રંકમાંથી રાજા બનાવી શકે છે.

"कालक्रमेण जगतः परिवर्तमाना ।

चक्रारपंक्तिरिव गच्छति भाग्यपंकितः ॥"

(ભાસ, સ્વપ્ન, 1/4)

અર્થાત્ કાળના ક્રમથી પરિવર્તનશીલ આ જગત (સંસાર)ની ભાગ્યરેખા રથના પૈડામાં લાગેલા આરાઓની પંક્તિની જેમ ઉપર નીચે થયા કરે છે.

પહેલાના સમયમાં શાષકો દ્વારા દલિતો ઉપર અત્યાચાર કરવામા ંઆવતો. તેઓ દલિતોને દુઃખ, પીડા આપતા અને લાચાર, અશક્ત વર્ગ તેનો પ્રતીકાર કરી શકતા નહીં. ત્યારબાદ બંધારણે અછૂતોને સમાનતાનો અધિકાર આપ્યો. અસ્પૃશ્યતા નાબૂદી માટે કાયદા ઘડવામાં આવ્યા આર્થિક વિકાસ માટે વિશિષ્ટ યોજનાઓ કરવામાં આવી. છતાં દલિત ગમે તેટલો તેજસ્વી, બુદ્ધિશાળી, સંસ્કારીને કર્મે ઋષિ હોય છતા તે દલિત તરીકે જ ઓળખાય છે. ત્યારે તેની તિરસ્કારની, ઘૃણાની ભાવના બળવતર થતી જાય છે. એમ કવિ કહે છે. અન્ય એક કાવ્ય 'गारुत्मकसर्पोकितः' મદારીના સર્પની ઉક્તિ દ્વારા કવિ દલિતોની વેદનાને આ રીતે પ્રગટાવે છે.

"अहं न जाने

कञ्युकच्छन्न साधुत्वम् ।

अतो हि

बलान्नृत्यामम्यहम् ।

एते पश्यन्ति !

मम विषस्य वमनं कारयित्वा

त्वं नर्तयसि ।

त्वद्विषस्य वमनं

न शक्तोऽपि कर्तुम् ।"

અર્થાત્

''મને ખબર નથી
કાંચળીમાં સંતાયેલી સાધુતાની
એટલે જ
હું નાચું છું પરાણે
આ બધા જુએ છે
મારા ઝેરને ઓકાવીને
તું નચાવે છે મને.
તારા ઝેરને નથી ઓકી શકતો તું.''

(3) **<u>સામાજિક ચેતના</u> :**

''उपेक्षितान् प्रति प्रतिबद्धः करूणामूलः
सामाजिकवादः ॥ ''[7]

**અર્થાત્ જેના મૂળમાં કરુણા છે તેવી ઉપેક્ષિત લોકોની તરફ પ્રતિબદ્ધતા એ સામાજિકવાદ છે સામાજિક ચેતના એટલે** 'Social consciousness'. **વિકીપીડિયા નોંધે છે કે** Social Consciousnes is a consciouness shared within a society; to be aware of the problems that different societie's and communities face on a day to day basis; to be conscious of the difficulties and hardships of society. It may be

(1) Society's consciouness of itself or

(2) Individual consciousness of the people, or

(3) Collective consciousness of the society.[8]

**અર્થાત્ સામાજિક ચેતના કોઈપણ એક સમાજની બધી વ્યક્તિઓને સ્પર્શતી અનુભૂતિ છે. આવી ચેતના સ્વયં ઉદ્દભૂત થાય છે અને સમાજમાં તેનો વિસ્તાર થાય. સૌ પ્રથમ રશિયામાં સમાજવાદનો ઉદ્દભવ થયો. કલાકાર સમાજવાદી રાજ્યનું પ્રમાણભૂત**

અંગ છે. સમાજના પ્રશ્નોની કલાત્મક અભિવ્યક્તિ જ કલાકારનું કર્તવ્ય છે. શોલોખોફ સમાજવાદના પુરસ્કર્તા હતા.

આ વાદમાં નિમ્નવર્ગના લોકોના સુખ–દુઃખ સામાજિક વૈષમ્યને ક્ષુબ્ધ કરનારું ચિત્રણ, ગરીબી, શોષણ, અત્યાચાર અને લોકજીવનના અંશોનું આલેખન જોવા મળે છે. બાલ્ઝાક, પુશ્કિન, એમિલઝોલા અને દોસ્તોવસ્કી વગેરે લેખકો સમાજવાદના પુરસ્કર્તા છે. કેશવચંદ્ર દાસ, વનમાળી વિશ્વાસ અને નારાયણ દાસની વાર્તાઓમાં સમાજના ઉપેક્ષિત વર્ગ પ્રત્યેની કરુણાની અભિવ્યક્તિ થઈ છે. શ્રમિકોની દશાનું વર્ણન પણ અહીં કરેલું છે. આધુનિક કવિઓની રચનાઓમાં પણ સામાજિક ચેતનાનું નિરૂપણ થયેલું છે. ભારતીય સંસ્કૃતિમાં માનવજીવનનું લક્ષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થો પ્રાપ્ત કરવાનું છે. નારદસ્મૃતિમાં કહેવાયું છે કે, જ્યાં વૃદ્ધો ન હોય તે સભા નથી. જે ધર્મની ચર્ચા ન કરે તે વૃદ્ધ નથી. જ્યાં સત્ય ન હોય તે ધર્મ નથી અને જ્યાં છલ હોય ત્યાં સત્ય નથી. આમ વ્યક્તિ, સમાજના કલ્યાણ માટે છળ–કપટ રહિત સત્ય ઉપર આધારિત કાર્યોનો સમાવેશ ધર્મ નામના પુરુષાર્થમાં થયો છે. વિશ્વેશ્વર સ્મૃતિ કહે છે કે ધર્મ એ આત્માની ઉન્નતિ કરનારો, દેશ–કાળનું અનુમોદન કરનારો, સુશાસનની અવિરુધ્ધ, શાસ્ત્રસંમત, કુલાચારને અનુકૂળ તથા સમાજનો હિતેચ્છુ છે. સુભાષિત રત્નમાં કહેવાયું છે કે –

"गुणेषु क्रियता यत्नः किमाटोपैः प्रयोजनम् ।"(9)

અર્થાત ગુણો ખીલવવા પ્રયત્ન કરવો જોઈએ, બહારના આડંબરનું શું પ્રયોજન ?

કુટુંબ – પરિવારએ એક એવી વ્યવસ્થા છે જ્યાં સ્ત્રી–પુરુષ સંબંધોની મર્યાદા, વંશવૃદ્ધિ, પારસ્પરિક સાથ – સહકારની ભાવના પ્રગટ થાય છે. સાથે–સાથે પ્રેમ, સેવા, સહિષ્ણુતા, શિક્ષા, અનુશાસન જેવા માનવીય તેમજ સામાજિક ગુણોનો વિકાસ શકય બને છે. 'Literature is mirror of the society.(10) સાહિત્ય એ સમાજનું પ્રતિબિંબ છે. કવિ જે સમાજમાં જીવતો હોય છે તે સમાજનું પ્રતિબિંબ જાણે – અજાણે તેની કૃતિઓમાં જોવા મળે છે. કવિ પોતે એક સામાજિક પ્રાણી હોવાથી સમાજની બહાર રહી જીવી શકે નહિ. તેથી

કવિ તેની કૃતિમાં તત્કાલીન પ્રજાજીવન, રીત–રિવાજો, રાજકીય પ્રવાહો તથા સમાજના વ્યવહારને યથાયોગ્ય રીતે વર્ણવે છે.

"वसनं परिघूसरं वसाना नितरां क्षाममुखी हतस्वरूपा ।
अतिष्क्रिरूजेन केन नीता जनतैषा कहिनां दशां विषणाम् ॥"

(सन्धानम् 90)

અર્થાત્ (એક જ ) મેલું વસ્ત્ર પહેરનારી, જેના પોતાના સ્વરૂપનો નાશ થયો છે તેવી આ ક્ષીણવદન જનતાને કોણે આ કપરી અને વિષમ દશામાં પહોંચાડી દીધી છે. અહીં કવિએ સમાજમાં રહેતા પછાત અને કચડાયેલા, દબાયેલા વર્ગ વિશે વાત કરી છે.

'ક્ષેત્રમ્' કાવ્યમાં હર્ષદેવ માધવ ખેતરના પ્રતીક દ્વારા સમાજનું પ્રતિબિંબ પ્રદર્શિત કરે છે.

"क्षेत्रे
जलं भूत्वा
प्रसरति कृषकह्लदयम् ।
कृषकह्लदयं भूत्वा
विलसति मेघस्पन्दनम् ।
प्रतिबीजं
प्ररोहति
क्षेत्रस्य स्वप्नः॥"

'ખેડૂત' ને જગતનો તાત કહેવામાં આવે છે પરંતુ અત્યારે આ તાત પોતે જ મુશ્કેલીમાં મૂકાયેલો છે. આધુનિક સમયમાં ગ્લોબલ વોર્મિંગને કારણે વરસાદ જોઈએ એટલા પ્રમાણમા પડતો નથી અને તેને લીધે ખેતરમાં ખેતી પણ વધારે પ્રમાણમાં થઈ શકતી નથી આથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે આ વાતને પણ કવિએ પોતાના

કાવ્યમાં વણી લીધી છે. આજના સમયમાં મોંઘવારી એટલી વધી ગઈ છે કે સામાન્ય માણસ કિંમતી વસ્તુ ખરીદવાનું સ્વપ્ન પણ જોઈ શકતો નથી.

'भित्तिः' અર્થાત્ 'દિવાલ' કાવ્યમાં કવિએ વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે અને એક સમાજ ધર્મની બીજા સમાજ ધર્મ વચ્ચે જે કટ્ટરતા, દુશ્મની ઉત્પન્ન થાય છે તેના વિશે અંગૂલીનિર્દેશ કર્યો છે.

"मृत्तिकायां प्ररोहति
प्रसूनम्
भित्तौ ।
रोदनम् ॥
ईसुख्रिस्तस्य पूर्वं,
दधार भित्तिः
कीलकानां वेदनाम् ॥"

અહીં હર્ષદેવે 'ઈસુ ખ્રિસ્ત' ની વાતને વણી લીધી છે. ઈસુ ખ્રિસ્તને દીવાલમાં ખિલ્લા મારીને લટકાવવામાં આવ્યા હતા. આ પ્રાચીન વાતને કવિએ પોતાના કાવ્યમાં સમાવીને તે વખતની સામાજિક સ્થિતિનું નિરૂપણ કર્યું છે.

"समाजो विकृतो जातो राजनीतिः प्रदूषिता ।
स्वार्थे समाहितं सर्व खण्डित जनजीवनम् ॥"

અર્થાત આજે સમાજ પ્રદૂષિત થઈ ગયો છે. રાજનીતિ પ્રદૂષિત થઈ ગઈ છે. બધુ જ સ્વાર્થ પૂર્ણ બની ગયું છે, પરિણામે જનજીવન ખંડિત થઈ ગયું છે. આજનો મનુષ્ય સ્વાર્થી બની ગયો છે. તે કૂટ નીતિથી, બધું જીતવા માગે છે, પામવા લાગે છે, રાજકીય વ્યવસ્થામાં, સરકારી કામમાં લોકો સરખું ધ્યાન આપતા નથી. આધુનિક મનુષ્યએ ચાર્વાક સિદ્ધાન્ત મુજબ ભોગ ભોગવવા ઉપર ભાર મૂકયો છે અને તેના લીધે જ દુઃખ ઉત્પન્ન થયાં

છે. આજનો કહેવાતો શિક્ષિત વર્ગ સમાજમાં રહેવું પસંદ કરતો નથી તેને સમાજથી અળગા રહીને સ્વતંત્ર રીતે જીવવું પસંદ છે.

આજનો માનવી બીજાની ઉન્નતિ જોઈને ખુશ થતો નથી તે બીજાની ઉન્નતિથી દુઃખી તેમજ ભયભીત થાય છે.

"नाद्य परस्परं प्रीतिः न य कोऽप्यपराजितः ।

सर्वसाधनसम्पन्नो विपन्नो जायते नरः ॥"

વર્તમાન સમયમાં કોઈની એકબીજા પ્રત્યે પ્રેમ, લાગણી જોવા મળતી નથી. બધા પોત પોતાના જીવનમાં મશગૂલ છે. આથી જ સુખ–દુઃખ મનુષ્યએ એકલા જ ભોગવવા પડે છે કોઈ તેના તરફ લાગણીથી જોડાયેલું નથી અને તેથી જ લોકો સર્વસાધનસંપન્ન હોવા છતાં દરિદ્રતામાં જીવન જીવે છે. કારણકે કોઈ માટે સમય જ નથી. આજનો મનુષ્ય ભૌતિક રીતે સુખી હોવા છતાં આંતરિક રીતે તો દુઃખી જ છે. મધ્યમ અને નિમ્ન સ્તરના માનવીનું જીવનધોરણ, તેમના શોખ, નૈતિક મૂલ્યો, જીવનને ટકાવી રાખવા માટે તેમને કરવો પડતો સંઘર્ષ, ઉત્સવો અને સમાજજીવનનું ચિત્રણ કવિ કરે છે.

ડો. જગન્નાથ પાઠક જણાવે છે :– संस्कृत के रचनाकारो की जो दृष्टि विगत कुछ शताब्दियो से वाणी को चमत्कृतिपूर्ण करने, अलंकृत करने मे तथा बहुत कुछ अपने आश्रयदाताओके गुणगानमे लगी रही, कुछ अपवादो को छोडकर देश की पंडित जनसामान्य की व्यथा की ओर गयी और इस प्रकार जनोन्मुख ही गइ ।" આમ આ પ્રાચીન અને રૂઢભાષામાં પણ સામાજિક ચેતનાનો સંચાર થયો. 'मृगया' કાવ્ય સંગ્રહમાં પણ હર્ષદેવ માધવ સામાજીક બંદીઓનો ઉલ્લેખ કરે છે. સામાજિક ચેતના પ્રસરે એ હેતુથી કવિએ 'बर्लिननगर भित्तिनाराकेभ्यो हस्तेभ्यः શીર્ષક અંતર્ગત જણાવ્યું છે કે,

“वेरमवरोधं रचयति ।

वैरं वैमनस्य – इष्टकाभि:

स्नेहं विच्छेतुमिच्छति ।”

અર્થાત્ વેર અવરોધ રચે છે, વૈમનસ્યની ઈંટોથી સ્નેહને તોડે છે. કવિ પ્રાર્થના કરે છે કે, શિશિર ઋતુમાં માનવહૃદયનું કાલુષ્ય દૂર થાય, મંગલપ્રદ વાયુ વાય, મત્સરનું ગાઢ અંધારું દૂર થાય. અહીં કવિ દરેક માનવમાં સામનસ્ય પ્રસરે, દરેકના હૃદય એક બને, ઈર્ષ્યા, ક્રોધ, મોહ દૂર થાય એવી કલ્પના કરી સુંદર સમાજનું સ્વપ્ન સેવે છે.

‘हस्ता’ કાવ્યમાં કવિ સમાજની વાસ્તવિકતાનો ચિતાર રજૂ કરે છે. વ્યક્તિ પોતાના પેટની ભૂખ શમાવવા ભીડથી ભરેલા ટ્રેનને ડબ્બામાં, ઉચ્છ્વાસયુક્ત વાતાવરણમાં પોતાના હાથથી દંડો પકડવામાં વ્યસ્ત છે. રૂપજીવિનીઓના ત્યાં કામલીલા કરતો વ્યક્તિ પોતાના હાથથી દારૂની બોટલ ખોલવામાં વ્યસ્ત છે. તો પ્રિયતમાનો હાથ હાથમાં લઈ હેંગિગ ગાર્ડનમાં વિહરનારાં પ્રેમી પંખીડાઓનો પણ કવિ ઉલ્લેખ કરે છે. મંદિરોમાં ભીખ માટે ભિખારીઓના લંબાયેલા હાથ તો ભીડમાં યાત્રિકોના પાકીટને ચોરતા હાથનું વર્ણન કરી, સેવાભાવી વ્યક્તિઓ દ્વારા થાકેલાની પગચંપી કરવામાં વ્યસ્ત હાથ તેમજ મશીનયુગમાં મશીન જેવા બનેલા હાથનું કવિ વર્ણન કરે છે અને છેલ્લે કવિ કહે છે કે –

“एतेषु हस्तेषु

जीवनरेखा न सन्ति

केवला: सन्ति मृत्युरेखा: ॥”

એટલે કે આ હાથોમાં જીવનરેખા નથી, માત્ર મૃત્યુરેખાઓ જ છે. આમ અહીં કવિએ સામાજિક સ્થિતિની વિષમતાઓને સુપેરે વર્ણવી છે.

આ રીતે હર્ષદેવ માધવે પોતાના કાવ્યોમાં સમાજમાં પ્રવર્તમાન ધર્મના ઝઘડાઓ, વેશ્યાગમન, ભીખ, ચોરી જેવી બદીઓનું વાસ્તવિક નિરૂપણ કરી સામાજિક ચેતના પ્રગટાવવાનો સફળ પ્રયાસ કર્યો છે.

(4) <u>**વૈશ્વિક ચેતના**</u> :

ડૉ. હર્ષદેવ માધવ કેવળ 'સ્વદેશી' નથી. એમની કવિતા વાટિકામાં દેશ–વિદેશના છોડ મ્હોરી ઉઠયા છે. કવિ રૂઢિવાદી, પુરાણપંથી કે સંકુચિત મનના 'પુરુષ' નથી, પણ 'વિરાટપુરૂષ' છે. 'आनो भद्राः क्रतवो यन्तु विश्वतः' એ ન્યાયે એમનો ચેતોવિસ્તાર વિશ્વવ્યાપી બની જાય છે. એમણે કવિતાને રૂઢિ કે પરંપરાના કે સ્થળ–કાળના વાડાઓમાં બંધિયાર નથી કરી. શબ્દ તો બ્રહ્મ છે. હર્ષદેવનો શબ્દ બ્રહ્મની જેમ વિસ્તરીને 'આધુનિક સંસ્કૃત કવિતા' માં નવાં નવાં હાઈકુ, તાન્કા, સીજો વગેરે સ્વરૂપે અવતરે છે.

આપણી પરંપરાગત ભારતીય સંસ્કૃત કવિતા કવિ હર્ષદેવની કલમે 'વિશ્વ કવિતા' બની જાય છે. એમની કવિતામાં વૈશ્વિક ચેતના અદ્ભૂત રીતે ઝીલાઈ છે.

ડો. અરુણોદય જાની કહે છે કે – ''સંસ્કૃત ભાષા માત્ર રાષ્ટ્રભાષા નહી, પરંતુ વિશ્વભાષા થવી જોઈએ.''(11) સંસ્કૃત કવિનું લક્ષ્ય હોવું જોઈએ નોબલ પારિતોષિક પ્રાપ્તિનું. હર્ષદેવ માધવ જેવાં મૂર્ધન્ય આધુનિક સંસ્કૃત કવિતાઓની કવિતા આજે આખા વિશ્વમાં જાણીતી બની છે. એ સંદર્ભમાં સંસ્કૃત 'વિશ્વભાષા' બની છે. હર્ષદેવની કવિતા નિત્ય નવાં–નવાં સૌદર્ય પ્રગટાવતી, સતત વહેતી નદી છે. કવિ પોતાના વિચારોને નવા પ્રતીકોથી મઢે છે. કવિતા શબ્દોની શિલ્પાકૃતિ છે. આવી શિલ્પાકૃતિને કવિ પાષાણોમાંથી વહેતી કવિતા–નદી તરીકે ઓળખાવે છે. 'शब्देषु प्रवहति नदी–कविता, पाषाणेषु प्रवहति कविता – नदी ।'

લુપ્ત થતી જતી ભારતીય સંસ્કૃતિ અંગે ચિંતા સેવતા કવિ એક કાવ્યમાં ભારતના નકશામાં કેટલીક બાબતો દર્શાવવાનું જણાવે છે. તેઓ ભારતના નકશામાં સાંપ્રદાયિક સદ્ભાવ, અનીતિરહિત શુદ્ધ પરીક્ષા, વ્યવસ્થાયુક્ત વિદ્યાસંસ્થાઓ, ભ્રષ્ટાચાર રહિતપણું,

નેતાઓનું વચનપાલન બધી બાબતોનો અભાવ છે. એમ વ્યંગ્ય કરી વાસ્તવિક સમાજનું ચિત્રણ રજૂ કરે છે. હર્ષદેવની કવિતામાં વાસ્તવ અને યથાર્થતા જોવા મળે છે. જેમકે भूकम्पोत्तरम् કાવ્યમાં

"पृथ्वी
स्वकम्पं प्रकटपितुं शक्ताऽस्ति,
किन्तु
मदस्तित्वतले यद् यद् भवति
तत् तत् कथं कथम् .......... ?"

કેટલાંક વર્ષ પૂર્વે ગુજરાતમાં આવેલા વિનાશક ભૂકંપથી કવિના નિવાસસ્થાનનો એક ભાગ આખો ધરતીના ગર્ભમાં ખૂંપી ગયેલો, પણ પરિવારનો અદ્દભૂત બચાવ થયેલો ! આવી સ્થિતિમાં કવિની અકથ્ય વેદના અથવા હૃદયનું કંપન પણ ધરતીમાં દબાઈ જાય છે, વ્યક્ત થઈ શકતાં નથી.

અનેક કવિતાઓમાં કવિએ उष्ट्र:, गर्दभ, दूष्टका: જેવા સામાન્ય વિષયોને પણ વણી લીધા છે. उष्ट्र: વિષયક કાવ્ય જોઈએ.

"रणं समाप्य
यदा सुप्त उष्ट्रो
रणसाम्राज्यं विजित्य,
तदा
तस्य भ्रान्तिर्नष्टा ।
तस्य
प्रतिबिम्बरहितयोनेत्रतारकयोरागतं
निर्दयं विश्वासघातकं रणम् ।
किन्तु
उष्ट्रस्तु सुप्त इदानीम् ॥"

પ્રસ્તુત કાવ્યમાં કવિ ઊંટના પ્રતીકથી વૃદ્ધત્વને પ્રગટ કરે છે. માનવી આજની આ દોડધામ ભરી જિંદગીમાં એકધારો દોડતો જ રહે છે. મેળવ્યું, મેળવીશ એમ વિચારીને મનુષ્ય જીવનભર ઊંટની જેમ જ દોડતો રહે છે. આમને આમ જ્યારે મનુષ્ય વૃદ્ધત્વને ભેટે છે ત્યારે તેનો ભ્રમ ભાંગી જાય છે. પરવશ બનેલ વૃદ્ધ વ્યક્તિ પાસેથી સંતાનો બધું પડાવી લે છે. ત્યારે તેને પોતે છેતરાયો છે તેવો અનુભવ થાય છે પરંતુ ત્યાં સુધીમાં સમય તેના પક્ષે નથી હોતો. રણમાં આવનારી અનેક મુશ્કેલીની જેમ સંસારમાં પણ અનેક મુશ્કેલીઓ પ્રત્યક્ષ થતી હોય છે અને તેથી જ કવિએ સંસારને 'રણ' નું રૂપક આપ્યું છે.

'नगरे' નામના કાવ્યમાં કવિ પર્યાવરણ વિશે ચિંતા વ્યક્ત કરી નગરમાં અસામાજિક તત્વો દ્વારા ચાલતા અમાનવીય વ્યવહાર વિશે ચિંતન રજૂ કરે છે. માધવ કહે છે કે –

"रामायणकाले
राक्षसा वने निवसन्ति स्म ।
शनैः शनैः वनानि छिन्नानि ।
अतो वराका राक्षसाः ..... ॥"

'अयोध्या' કાવ્યમાં બાંબરીધ્વંસ પછીની અયોધ્યાની વિષમ પરિસ્થિતિ અને કરુણતાનું વર્ણન હર્ષદેવે કર્યું છે. કવિ લખે છે કે અયોધ્યામાં મનુષ્યો નથી રહેતા માત્ર દુઃખના ટુકડાઓ ત્યાં વસે છે. અયોધ્યામાં સર્વત્ર શોક ફેલાયેલો છે, કદાચ રામ અયોધ્યા આવે તો પણ તે ખંડિત થયેલી અયોધ્યાને ઓળખી ન શકે. રામ જેવા રામ જન્મભૂમિ વિવાદમાં સપડાઈને દુઃખી થયા છે. સજ્જનો આ યુગમાં ફક્ત દુઃખ પામે છે અને અસામાજિક તત્વો સુખ મેળવે છે. આ વાત તેઓ 'रावणेः स्वादितं भो ! सुखं सर्वथा !' પંક્તિ દ્વારા જણાવે છે.

'कालोऽस्मि' કાવ્યમાં કવિની કાળ વિષયક વિવિધ વિભાવનાઓનું મુક્તક શૈલીમાં બિંબાત્મક ચિત્રણ થયેલું છે.

"समयाख्ये मत्स्यगृहे

क्षणमीनाः

सञ्चलन्ति ।

जीवितमिदं तु

मीनाश्रु वत् !"

કવિની દષ્ટિએ સમય એક માછલીઘર છે. જેમાં ક્ષણરૂપી માછલી વિહાર કરે છે. જીવન તે માછલીનું જ એક આંસુ છે. સમય જ સર્વશક્તિમાન છે. કાળની અસીમતાને ઘડિયાળના કાંટામાં બાંધી શકાતી નથી. કાળની સાપેક્ષતામાં જ માનવની ઐતિહાસિક ચેતનાનું નિર્માણ થાય છે અને વિલય પણ. સર્જન અને વિનાશની લીલામાં સક્રિય એવો સમય ક્ષણવારમાં જ મનુષ્યના ગગનચુંબી અહંકારને ધૂળમાં મેળવી દે છે. સમયનું ચક્ર ક્યારેક અટકતું નથી. રસ્તામાં અનેક માર્ગો આવે છે. પરંતુ કોઈ એક રસ્તામાં બધાનું મિલન શકય હોતું નથી. આ રીતે સમયની આસપાસ ફરતી કવિની સર્જનાત્મક ચેતના એક નવા ભાવવિશ્વનું સર્જન કરે છે. 'मृत्युशतकम्' કાવ્યમાં કવિ હર્ષદેવ માધવ કહે છે કે મૃત્યુનો અનુભવ કેવો અગમ્ય હશે ? એ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણે. પરંતુ બીજાને તેઓ અનુભવ કઈ રીતે કરાવી શકે ? મૃત્યુ તો 'બહુરૂપી' જેવું છે. જુદા–જુદા લોકોને મૃત્યુની પીડાનો અનુભવ જુદા–જુદા રૂપે થતો હોય છે. કોઈ ધનિકની સામે તે આવકવેરા અધિકારીના રૂપમાં પહોંચી જાય છે તો કોઈ ગરીબને મોંઘવારીના રૂપે પ્રયત્ન થાય છે. એક મુક્તકમાં કવિ મૃત્યુને વર્ષાકાળ કહે છે. કોઈ ચાતક બનીને તેને ઝંખે છે, કોઈ સૂકી ધરતી બનીને તેની પ્રતીક્ષા કરે છે.

“मृत्युवर्षाकालोऽस्ति ।

कोऽषि तं वाञ्छति चातको भूत्वा,

कोऽपि शुष्कक्षेत्रवतं प्रतिपालयति,

कोऽपि जुगुप्सते तस्मात्

शूकरवत् ।”

મોત પર મનન કરનારા લોકો માને છે કે આ વિશ્વમાં મૃત્યુએ એટલાં આંસુઓ વહાવ્યા છે કે જે સમુદ્રોના જળથી પણ વધારે છે. કવિ કહે છે કે મૃત્યુનું આ મહાભારત અઢાર દિવસ જેટલું લાંબુ નથી એ તો અઢાર ક્ષણો કે અઢાર ક્ષણાંશોનું છે. જેઓ મૃત્યુથી ડરે છે તેમને તે પોતાનું ભીષણરૂપ બતાવે છે. પરંતુ જેઓ તેનો સામનો કરવા કમર કસે છે તેની સામે પરાજિત બનીને ઊભું રહે છે. કવિ કહે છે કે મે મૃત્યુનો પંજો સિંહનો માન્યો હતો પરંતુ તેનો સંચાર તો ઉંદરડા જેવો નીકળ્યો.

“भ्रान्तिर्मे नष्टा

मया त्वं सिंहो मतः ।

अहो बत !

त्वमसि मूषकसञ्चारः ॥”

‘ईश्वरः’ કાવ્યમાં કવિ હર્ષદેવ માધવ ઈશ્વરનો ઉપહાસ કરે છે. આધુનિક જીવન હવે ‘ઈશ્વર’ ના અસ્તિત્વ અંગે હાથ જોડીને આસ્થા વ્યક્ત કરી શકે તેમ નથી જેમ કે –

“हे ज्योतिषिकस्य चटके ।

दर्शय

ईश्वरस्य भविष्यम् ॥”

બે વિશ્વયુદ્ધો પછી માનવજાતે ઈશ્વરમાંથી શ્રદ્ધા ગુમાવી દીધી છે. હવે ન્યાયી કે દયાળુ ઈશ્વર હોય એવું બુદ્ધિજીવીઓ માનતા નથી. માણસ માનવજાતની ક્રૂરતાનો ભોગ બન્યો છે. હવે ઈશ્વર નિર્ણાયક તત્વ નથી. જો આ સંહારની જવાબદારી ઈશ્વરની હોય તો ઈશ્વર દયાળુ ન હોઈ શકે એમ કવિ માને છે. પરંપરાગત કવિ અધ્યાત્મમાં અમૂર્ત માનવીની શોધ કરે છે તે ઈશ્વરને આજીજી કરી જીવવાનું પસંદ કરે છે પરંતુ હર્ષદેવ કવિતામાં આધુનિક જીવનની કડવી વાસ્તવિકતાને સ્વીકારે છે. કવિ 'બેટ' કાવ્યમાં બેટ એ પોતાનું અસ્તિત્વ ખોઈ બેઠેલાને ચારે તરફથી ગ્રસવા મથતાં જળ જેવી સમાજ વ્યવસ્થામાં રહેતા ખાલીખમ માણસનું પ્રતીક છે. આ અસ્તિત્વહીનતાની પીડા, વ્યથા અને એકલતા અનેક રીતે પ્રગટ થાય છે.

➢ अशोकवनवासिन्या सीतायाः दुखं

द्वीपस्यापि

वर्तते ॥

➢ तरितुमिच्छतां मनुष्याणां

वासना घनीभूत्वा

भवति द्वीपः ॥

➢ मनः शिलगैरिकादिवर्णाः सन्निहिताः

सिकतासु

द्वीपः किमालिखेत् ?

न तेन

समुद्राद ऋते किमपि दृष्टम् ॥

કવિએ 'मृगत्वम्' કાવ્યમાં પ્રાચીન પરંપરાને અનુસર્યા હોય તેવું લાગે છે. જેમ કે,

शरपतनभयात्

भूयसा पूर्वकायं प्रविष्टोऽहम् ... '

કાલિદાસના શાકુન્તલના સંદર્ભે આ કાવ્ય જોઈએ તો,

"ग्रीवाभङ्गाभिरामं मुहुरनुपतति स्पन्दने बद्धदृष्टिः

पश्चार्धेन प्रविष्टः शरपनभयाद्भूपसा पूर्वकायम् ।"

અહીં કવિ જુદા દષ્ટિકોણથી દશ્યને રજૂ કરે છે. અહીં 'मृग' કેન્દ્રમાં છે. પ્રાચીન કૃતિને નવતર અને વિશિષ્ટ દષ્ટિકોણથી રજૂ કરવાનો આ આધુનિક પ્રયોગ છે.

आतंकवाद કાવ્યમાં કવિએ નૈર્ધૃણ્યનો પ્રતિકાર કરવાની વૃત્તિ દર્શાવી છે. કવિએ આતંકવાદની ખુલ્લે આમ નિંદા કરી છે.

"आंतकवादस्य वात्यासारः प्रपतते ।

अप्यस्ति तव समीपे

तं निरोद्धु हस्तः ?॥"

'पेण्डोराया अपिहिता मञ्जूषा' કાવ્યમાં પ્રોમિથિયસ સ્વર્ગમાંથી અગ્નિને ચોરીને પૃથ્વી ઉપર લઈ આવ્યો એટલે 'ઝૂસ' દેવાધિદેવે 'પેંડોરા' નામની એક કન્યાને પૃથ્વી પર મોકલી તે એની સાથે એક પેટી પૃથ્વી પર લાવી હતી એ પેટીમાં મનુષ્યજાતિ માટેનાં સર્વ દુઃખો હતાં. શબ્દ–પેટી પણ પેંડોરાની પેટી જેવી છે. એમાં વેદના મૂકેલી હોય છે, ફકત વેદના. અહીં કવિએ પૌરાણિક કથાને કાવ્યની વિષય બનાવ્યો છે. તો 'अेमेजोन नदी' કાવ્યમાં પર્વતો, જંગલો અને વનરાજિમાંથી પોતાનો રસ્તો કાઢીને આ નદી કેવી રીતે વહે છે તેને કવિ સુંદર સ્ત્રીના જુદા–જુદા રૂપો વિશે વર્ણવે છે.

"अेमेजोनसुन्दरी

अभिसरति

रात्र्यास्तिमिरमयं निचोलः परिधाय

पेरूदेशस्य वनप्रान्तेषु ।"

શરદબાબુના દેવદાસની નાયિકાની મનોવ્યથાને રજૂ કરતાં 'शरच्चन्द्रस्य देवदासः उपन्यासरूप नायिका वक्ति' કાવ્યમાં કવિ દેવદાસ અને તેની નાયિકાની મનોદશાનું નિરૂપણ કરે છે. નાયિકાએ દેવદાસને પોતાનું સર્વસ્વ માન્યો હોવા છતા નાયકે તેને શારીરિક ઈજા પહોંચાડી હતી. નાયકના પ્રણયમાં ગળાડૂબ નાયિકાએ પોતાની રાતોને આંખોમાંથી આંસુ વહાવી વીતાવી જ્યારે દેવદાસે મદિરાપાનથી પોતાની રાતો રંગીન બનાવી નાયિકાએ સતત નાયકનો પ્રેમ પામવા પ્રયત્ન કર્યો જવાબમાં તેને નિરાશા જ મળી અહીં કવિ નારી સંવેદના પ્રત્યે આપણું ધ્યાન દોરે છે.

આમ, હર્ષદેવ માધવે मृगया, तव स्पर्शे स्पर्शे અને बुद्धस्य भिक्षापात्रे કાવ્યસંગ્રહમાં વિશ્વના અનેક સ્થળો, વ્યક્તિઓ, સાહિત્યકારો, પ્રદેશો વગેરેને કાવ્યનો વિષય બનાવ્યા છે. તેમણે ભારતીય અને ગ્રીક પ્રતીકોનો પણ ઉપયોગ કર્યો છે. સમગ્ર સૃષ્ટિ એક બની જાય વેદનું વાકય

'यत्र विश्वं भवति एक नीडम् ।'

કવિ કહે છે કે, मृत्तिकाया हि कामिनः કવિ પૃથ્વીની માટીને પ્રેમ કરે છે. પૃથ્વી સાથેનો મનુષ્યનો અદ્દભૂત સંબંધ છે.

(5) **<u>વ્યક્તિ પ્રભાવવાદ</u> :**

'सर्जकचितप्रभावोत्पन्ना भावनाः प्रभाववाद ।'(12)

અર્થાત્ સર્જકની ચિત્ત પર પડેલા પ્રભાવથી ઉત્પન્ન થયેલ ભાવનાઓ પ્રભાવવાદમાં હોય છે. સાહિત્યમાં આવેલી આ પરિભાષા ચિત્રકળાની છે. વ્યક્તિ,

ઘટના, દેશ, કાળ, વિશેષ દ્વારા સર્જકના ચિત્ત ઉપર જે પ્રભાવ પડે છે તેની અનુભૂતિને વ્યક્તિના ચિત્તમાં ઉતારી દેવાનો કવિનો પ્રયત્ન છે. ચિત્તના સંસ્કારવાદમાં મનની સ્થિતિને વર્ણવતાં શબ્દો જ કાવ્યબદ્ધ હોય છે. અર્વાચીન સાહિત્યમાં અનેક રચનાઓ વ્યક્તિની વિશેષતાને જોઈને દેશ, કાળ, ઘટનાની અનુભૂતિ કરીને સ્પંદિત ચિત્ત દ્વારા રચવામાં આવે છે. વ્યક્તિ પ્રભાવવાદમાં કોઈ ખાસ સર્જકના ચિત્તની અનુભૂતિ જ અભિવ્યક્ત થાય છે.

કવિ અયોધ્યાની ઘટનાને જાણે પોતાનામાં બનતી હોય એવું કલ્પે છે.

"मम रक्ते
अयोध्यायाः सीमानः प्रादुर्भूताः सन्ति
लङ्कायाः संचाररोधं भित्वा
मयि रामचन्द्रो नु प्रविष्टोऽस्ति ।
श्वासानामूर्मिमालामूल्लङ्ध्य
मम श्रद्धायाः शङ्खनादो
'धमनि' संज्ञासु नाडीरथ्यासु प्रसरति ।"(13)

હર્ષદેવ માધવ કહે છે કે મારા લોહીમાં અયોધ્યાની સીમાઓ ઉત્પન્ન થઈ છે. રાવણ જેવા શાસકની સંચારબંધી તોડીને મારામાં રામ પ્રવેશે છે. શ્વાસોના મોજાંઓને ઓળંગીને મારી શ્રદ્ધાનો શંખનાદ ધમનીઓમાં પ્રસરે છે. સૈનિકોથી બંદૂકમાંથી જાણે ધાંપ–ધાંપને બદલે રામ–રામનો જાપ નીકળે છે. હાડકાનાં બંધનો ઓગળી જાય છે. ચામડાંની સાંકળો નાશ પામે છે. વાસનાઓની ખાઈઓ ક્ષીણ થાય છે. અહંકારમય લોઢાની જાળી દૂર થાય છે જેવી રીતે મુલાયમસિંહ સરકારે બાબરી મસ્જિદની આસપાસ લોઢાની જાળી ઊભી કરેલી. આજે શબરીની કુટિરમાં દીવો સળગ્યો છે. અહીં કવિ ભાવાવેશમાં આવી જાય છે પરંતુ ત્યાં જ ક્રાન્તદર્શન પ્રગટે છે તે કહે છે – 'विपक्षेन जटायुना सूर्यलोकं प्रत्युड्डयनं प्रारब्धम् ।' અહીં વિપક્ષના બે અર્થ થાય છે પાંખો

વગરનો અને વિરોધપક્ષ. અયોધ્યાની ઘટના પછી લોકમત ભારતીય જનતા પક્ષ તરફ વળશે અને એ પણ છેક દિલ્હી સુધી પહોંચી જશે એવી કવિની આગાહી હતી.

'कपोताक्षी नदी' કાવ્યમાં પણ વ્યક્તિ પ્રભાવવાદ જોવા મળે છે. 'कपोताक्षी नदी' જે બાંગ્લાદેશની સરહદ પાસે વહે છે તે કવિને શિવકુમાર જોશીની 'કલહંસી' નવલકથા વાંચીને જાગેલું સંવેદન છે. 'कवेर्मृत्युः' કાવ્યમાં કવિ કહે છે કે –

"कवेर्मृत्युर्नास्ति कापि घटना
पत्रकाराणां कृते ।
सः पाब्लो नेरूदाभवेत्
वा भवेत नजरूलइस्लामः
अथवा भवेत कोऽपि कक्षस्थितः संस्कृतकविः ।
कविर्जीवति स्वस्य विविक्तम्
कविर्म्रियते स्वविविक्ते ।"

(6) **<u>અસ્તિત્વવાદ</u> :**

"स्वास्तित्वेन मैत्री, अस्तित्वलोपात् करूणा,
ईश्वरोपेक्षा अस्तित्ववादे ॥"(14)

પોતાના અસ્તિત્વની સાથે મૈત્રી, અસ્તિત્વના લોપથી કરુણા અને ઈશ્વરની ઉપેક્ષા અસ્તિત્વવાદમાં થાય છે.

અસ્તિત્વવાદ મનુષ્યના અસ્તિત્વને ખૂબ મહત્વ આપે છે. मनुष्यस्य स्वानुभवा महत्वपूर्णाः । વ્યક્તિ વિશેષના માનવીય અસ્તિત્વની અનુભૂતિ જ કવિ માટે શ્રદ્ધાનો વિષય છે. અહીં જગતની અર્થહીનતાનો અનુભવ થાય છે. માનવ ચેતનાથી ઉત્પન્ન થયેલ વ્યક્તિગત સત્યો સ્વીકારવા પડે. કિકેગાર્ડ, નિત્શે, હાઇડેગ, સાર્ગ વગેરે અસ્તિત્વવાદના

સમર્થકો છે. જેમાં ઈશ્વર પ્રત્યે અવિશ્વાસ બતાવવામાં આવ્યો છે. માનવચેતના અભાવોથી પીડાયેલી, કાળ સાથે બંધાયેલી અને ચિંતાગ્રસ્ત જણાય છે. મુક્તિની ચેતના માનવના અસ્તિત્વને ક્ષુબ્ધ કરનારી હોય છે. અધ્યાત્મનો માર્ગ જીવનથી ભાગી જવાનો રસ્તો છે. ભ્રાન્તિમુક્ત જીવન એ અસ્તિત્વનું પ્રયોજન છે. મનુષ્યના જીવન નાં ચિંતા, દુઃખ, સંતાપ અને વિષાદ વગેરે ભાવોનું નિરૂપણ અસ્તિત્વવાદની વિશેષતા છે. મનુષ્યએ જ પોતાના ભાગ્યનું નિર્માણ કરવાનું હોય છે. ભયથી ત્રસ્ત એવા જગતમાં અસ્તિત્વની અનુભૂતિ નથી જેમકે –

"पृथ्वी

स्वकम्पं प्रकटयितुं शकतास्ति

किन्तु

मदस्तित्वतले यद् यद् भवति

तत् तत् कथं कथम् ...... ।"(15)

(भूकम्पोत्तरम्, मृगया 40)

અર્થાત્ પૃથ્વી પોતાની ધ્રુજારી બતાવી શકે પણ મારા અસ્તિત્વની નીચે જે જે બને છે તે કેવી રીતે કહી શકાય ?

હર્ષદેવ માધવે અહીં ઈ.સ. 2001 ની સાલમાં ગુજરાતમાં આવેલા ભૂકંપ વિશે ચર્ચા કરી છે. અહીં ધરતીકંપ પછીની માનવીની મનોદશાનું વર્ણન કર્યું છે. કવિ કહે છે કે ધરતીકંપ વખતે જેમ ધરતી (જમીન)માં તિરાડ પડી એમ મારા હૃદયમાં, અસ્તિત્વમાં પણ તિરાડો પડી છે. ભૂકંપમાં વિશાળ બિલ્ડીંગો, મકાનો કડડભૂસ થઈને જમીનદોસ્ત થઈ ગયા તેમ મારી ધીરજ, સહનશીલતા પણ પૂરી થઈ ગઈ છે. ધરતીકંપ ઘણો જ તીવ્ર છે.

"मम धैर्य – शृङ्गाण्यपि

मृत्तिकागर्भे निमग्नानि ।

मम मनोदपि

खण्डशः भूत्वा नष्टम् ।"

આ ધરતીકંપ પછી ફક્ત સ્તબ્ધતા જ બચી છે. કવિનું જીવંત તત્વ આ નિર્જીવ માનવતાના ભાર નીચે કચડાઈ ગયું છે. આપણે સૌ માનવતાની પ્રગતિની, અન્યને ટેકો આપવાની વાતો કરીએ છીએ પરંતુ સમય આવ્યે એ વાતો નિર્જીવ બની જાય છે. વર્તમાન જીવનની નિર્મમતા અહીં નિરૂપિત થઈ છે.

હર્ષદેવ માધવે 'अस्तित्व–ग्रहणम्' કાવ્યમાં પણ માનવીના અસ્તિત્વ વિશે વાત કરી છે. પૃથ્વી અને સૂર્ય કે પૃથ્વી અને ચંદ્રની વચ્ચે અન્ય ગ્રહ આવે ત્યારે ગ્રહણ સર્જાય છે તે જ રીતે કવિનું અસ્તિત્વ અને જ્યાંથી પ્રકાશ મળવાની અપેક્ષા છે તે પ્રિયા વચ્ચેના અતંરાયોનું વર્ણન અહીં છે. અહીં ત્રણ તબક્કા છે. (1) જ્યાં પ્રિયતમા છે તે સ્થાન (2) તે કારણ જેના થકી વિયોગ ઉદ્‌ભવ્યો અને (3) કવિનું અસ્તિત્વ.

માનવીના જીવનમાં કયારેક સૂર્ય જેવો તડકો એટલે મુશ્કેલ સ્થિતિ આવે છે આવા સમયે વ્યક્તિએ ડર્યા વિના બલપૂર્વક તેનો સામનો કરવો જોઈએ અને માર્ગ કાઢવો જોઈએ. તો કયારેક જીવનમાં પ્રકાશ એટલે કે અજવાળું પણ જોવા મળે છે અને અચાનક વ્યક્તિની અંદર તેજ (બળ) આવી જાય છે અને તે પડકારોનો સામનો કરવા સક્ષમ બની જાય છે. માનવીના જીવનમાં સુખ–દુ:ખ આવ્યા કરે છે. વ્યક્તિના જીવનમાં એના ભાગ્યનું પણ એટલું જ મહત્વ છે. એટલે જ કહેવાયું છે કે 'Best of Luck'. ગમે તેટલો પરિશ્રમ કરવા છતા ભાગ્ય સાથ ન આપતું હોય તો વ્યક્તિ નિષ્ફળ નીવડે છે. ઋષિ અત્રિ અને અનસૂયાના પુત્ર દુર્વાસા ખૂબ જ ક્રોધી હતા. કાલિદાસના સુપ્રસિદ્ધ નાટક અભિજ્ઞાન શાકુન્તલમાં દુર્વાસાનો શાપ આવે છે. જ્યારે આશ્રમમાં દુર્વાસા મુનિ હોય છે અને શકુન્તલાં બાજુમાં ઊભી હોય છે ત્યારે ત્યાં દુષ્યંત આવે છે અને શકુન્તલા દુષ્યંતના

સપનામાં ખોવાઈ જાય છે તેને યાદ પણ નથી રહેતું કે ત્યાં દુર્વાસા મુનિ ઊભા છે. તેથી દુર્વાસા ગુસ્સે થઈને શાપ આપે છે કે – દુષ્યંત તને ભૂલી જશે અને ત્યારે જ શકુન્તલાને યાદ કરશે જ્યારે તેણે આપેલી પ્રેમના પ્રતીક રૂપ વીંટી જોશે.

આ ઉપરાંત incarnation એટલે કે જન્મ જન્માંતર (અવતાર) વિશે વાત કરતા હર્ષદેવ માધવ લખે છે કે હિન્દુ ધર્મમાં અવતારવાદ ઘણો પ્રચલિત છે. ભગવાન અધર્મનો નાશ કરવા માટે અને ધર્મનો ઉદય કરવા માટે અવતાર ધારણ કરે છે. ભગવાન વિષ્ણુના 10 અવતાર માનવામાં આવે છે. મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, ક્રિષ્ના, બુદ્ધ અને કલ્કિ. આ બધા અવતારો જુદા–જુદા સમયે જગતમાં આવે છે અને ધર્મનું રક્ષણ કરે છે. અહીં કવિએ માનવીના અસ્તિત્વને લાગેલા ગ્રહણ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

હર્ષદેવ માધવની કવિતાઓમાં અસ્તિત્વવાદી વિચારસરણી જોવા મળે છે. કવિની द्रीपपजशिका, उष्ट्रः, जीर्णपिच्छस्य गीतम् વગેરે કવિતાઓ તેના ઉદાહરણો છે. માણસનું અસ્તિત્વ ખરેલા પીંછા જેવું છે. ઈશ્વરે માણસને પંખી પોતાનું પીંછુ ત્યજી દે એમ ત્યજી દીધો છે અને માણસની પાસે પોતાના કહી શકાય તેવા અસ્તિત્વના આકાશમાં ઊડવાનું સુખ નથી એવો ધ્વનિ 'जीर्णपिच्छस्य गीतम्' કાવ્યનો છે. 'उष्ट्रः' કાવ્ય પણ માણસના કદરૂપા અને બેડોળ અસિતત્વ અને વ્યક્તિત્વનું બોધક છે. તેની જીવન રેખા રણ છે, જન્મકુંડળીના લગ્નસ્થાનમાં સૂર્યનો તડકો છે, અને મૃત્યુના આઠમા સ્થાનમાં ઝાંઝવાં છે. આમ, માણસનું આભાસી અસ્તિત્વ ઊંટના પ્રતીક દ્વારા રજુ થયું છે.

'दीपपंचाशिका' ના લઘુકલ્પન કાવ્યો બેટના સ્વરૂપ જેવા એકાંકી માણસની એકલતા, શૂન્યતા, નિર્જનતા અને નિરાશાને નિરૂપિત કરે છે.

"द्वीपः खलु
दुःखपारावारश्रान्तस्य
स्वप्न एव ॥"

અસ્તિત્વવાદીઓ સુખને કેવળ છળ માને છે અને એવો ભાવ અહીં રજૂ કરાયો છે. 'मृगया' કાવ્યસંગ્રહના પ્રથમ કાવ્ય मृतत्वम् માં પણ સમાજથી ભાગી છૂટવા માટેની માણસની વૃત્તિ, પોતાનું અસ્તિત્વ બચાવવાની ઝંખના, નિરાધાર અને હતાશા ભરેલી સ્થિતિનું સૂચન કરે છે.

"शरपतभयात्

भूयसा पूर्वकायं प्रविष्टोऽहं

ग्रीवां वक्रां कृत्वा

यदा पश्चात् पश्यामि

तदा

नास्ति व्याध :,

नास्ति शरः

न पदात् पदमनुसरति मृत्युः ।"

હર્ષદેવે માધવે અહીં 'मृग' ના પ્રતીક દ્વારા આધુનિક યુગના માનવીની મનઃ સ્થિતિનું વર્ણન કર્યું છે. આધુનિક યુગનો માનવી સતત ભય, ચિંતા અને તણાવમાં રહે છે. તેને બધું પ્રાપ્ત કરવું છે, મેળવવું છે, સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરવું છે અને તેથી તે સતત આ તણાવ હેઠળ જ જીવન જીવે છે. પરંતુ જ્યારે તે આ બધાથી થાકીને પોતાના અસ્તિત્વને જોવે છે ત્યારે તેને સમજાય છે કે તે જીવન નથી જીવતો પરંતુ 'ભય' ને જીવે છે. છેલ્લે કવિ મૃગ ના પ્રતીક દ્વારા કહે છે કે "कोदपि मम मृगत्वाय मृत्यु ददातु ।" આમ ભય સાથે જીવવું એના કરતાં તો મૃત્યુ જ વધારે સારું છે. વ્યક્તિ પોતાના અસ્તિત્વને ઓળખે અને સમજે ત્યારે જ એને સત્યનું જ્ઞાન થાય છે.

'हेमन्तः' કાવ્યમાં પણ હર્ષદેવ માધવે ઈશ્વરના અસ્તિત્વ સામે પ્રશ્નાર્થ કર્યો છે. પાનખરના માધ્યમથી કવિ માનવીની નિરાશાનું સૂચન કરે છે.

"नहि

ईश्वरस्य हस्ते

मम श्रद्धा नास्ति ।"

સર્જનના પ્રતીક સમો હાથ ભગ્નવૃક્ષની ડાળ જેવો અસહાય બની જાય છે અને હંમેશા બચાવનાર ઈશ્વર પ્રત્યે પણ કવિ અશ્રદ્ધાથી જોવે છે. અહીં કવિએ ઈશ્વરના અસ્તિત્વનો લોપ કર્યો છે.

(7) <u>**કૌતુકરાગીકવિતાવાદ**</u> **: Romanticism**

"कौतुकप्रिया मुदिता कौतुकरागितापदे ॥"(16)

અર્થાત્ કૌતુકરાગવાદિતામાં કૌતુકપ્રિય મુદિતા હોય છે.

કૌતુકરાગી કવિતાવાદને અંગ્રેજીમાં Romanticism કહે છે. અઢારમી શતાબ્દીમાં યુરોમાં સાહિત્ય સર્જકો પ્રચલિત સાહિત્યિક રીતિની ઉપેક્ષા કરવા માટે બુદ્ધિવાદની જગ્યાએ ભાવના, રહસ્ય, પ્રણયની ઊર્મિ અને પ્રાકૃતિક સુંદરતા વગેરે તત્વોને સ્વીકારીને સર્જનરત બન્યા. આત્મલક્ષિતા ઉત્કટ ભાવોદ્રેક, પોતાની લાગણીઓની ઉન્મુક્ત અભિવ્યક્તિઓ, પોતાનો પ્રણયોલ્લાસ, વિષાદ, નિરાશા, સ્વપ્ન અને સંઘર્ષોની ભાવોદ્રેકવાળી અનુભૂતિ, લોકકથાઓનો ઉપયોગ, પ્રિયતમ અને પ્રિયતમા પ્રત્યે તીવ્ર પ્રણયનો આવેગ, પ્રણપ, પિપાસા, દેહ–વર્ણન, મુક્ત શરીર – સાહચર્યની કામના વગેરે કૌતુકરાગી કવિતાના લક્ષણો છે.

કવિ બધી જ વસ્તુઓમાં ચેતનાને જુએ છે. સૂક્ષ્મચેતનામાં પણ આત્માની અનુભૂતિ કરે છે. પાર્થિવ તત્વોમાં અપાર્થિવતાને જોનારા કવિનું ભાવજગત સર્વથા અજાણ સ્વપ્નાઓનો સંસાર હોય છે. કવિનું નવું, અપ્રસિદ્ધ કાવ્ય, શિલ્પ આનંદવિભોર કરે છે. નવોન્મેષોથી એક જ વિષયના અનેક રૂપો જોવા મળે છે. અંગ્રેજીમાં John Keats ની

કવિતા આવી રોમાન્ટિક કવિતાઓ છે. કૌતુકરાગી કાવ્યો ઘણી વખત ઊર્મિકાવ્યોના રૂપમાં પણ લખાતાં હોય છે.

'तव स्पर्शे स्पर्शे' કાવ્યસંગ્રહમાં स्वप्नमयः पुष्पाणां नूतनौ देशः કાવ્યસ્તબકમાં કવિએ રોમાન્ટિક કાવ્યોનું નિરૂપણ કર્યું છે.(17) 'पुष्पाणि' નામની કવિતામાં કવિ કહે છે કે,

"पाटलपुष्पवर्णोऽस्ति सूर्यः ।

पारिजातवर्णमयोऽस्ति शशाङ्कः ।

पद्मपत्रभित्तिमयमस्ति गृहम् ।

गुलमहोर पुष्पगुच्छसदृशं ग्रीष्मव्योम ।"

અર્થાત્ સૂર્ય ગુલાબી રંગનો હોય, પારિજાતના રંગનો ચંદ્ર છે, કમળની પાંદડીઓમાંથી બનાવેલી ભીતોનું ઘર છે, ગુલમહોરના લાલ રંગવાળું આકાશ છે, શિરીષના ફૂલ જેવા તારાઓ છે, આમ સ્વપ્નની સૃષ્ટિમાં દરેક વસ્તુ જ્યારે પુષ્પની બનેલી હોય એવું લાગે છે. કવિને અરીસામાં દેખાતું પ્રિયતમાનું મુખ પણ કમળ જેવું લાગે છે. જ્યારે બીડાતું ના હોય તેવા કમળ જેવું પ્રિયતમાનું મુખ પ્રેમની અભિવ્યક્તિ કરે છે. આમ સ્વપ્ન સૌંદર્ય અને અદ્દભુત રસમાં રોમાન્ટિક કાવ્યો વિસ્તરે છે.

'पुष्पम्' કાવ્યમાં કવિ પુષ્પોને ખૂબ ચાહે છે એ કહે છે કે માળીના પગલાંનો અવાજ સાંભળીને જ પુષ્પો ઊડી ગયા એમને લોકો પતંગિયાં કહે છે. એક અન્ય કવિતામાં હર્ષદેવ માધવ કહે છે કે

"इदं पुष्पं 'जुलियट'

अहं रोमियो ॥"

અહીં કવિ પુષ્પોને કેટલા ચાહે છે તે બતાવ્યું છે. મારે ફૂલના પ્યાલામાં થોડી ચાંદની પીવી છે. પુષ્પને પ્યાલી બનાવીને કોઈ મધુર રસ કે મદિરાને બદલે ચાંદની પીવાની કલ્પના રોમાંચક છે. અંગ્રેજીમાં શેકસપિયરનું રોમિયો અને જુલિયટ નાટક જાણીતું છે. કવિ પુષ્પોને જુલિયટ માનીને રોમિયોની જેમ પ્રેમ કરે છે. લઘુકલ્પન કાવ્યોમાં એક સુંદર કલ્પના દ્વારા કવિનો પ્રકૃતિ પ્રેમ સ્પષ્ટ થાય છે.

'सायंकाल:' કાવ્યમાં કવિ કહે છે કે,

"सूर्य : सुप्तः

कमलिनीजङ्घोपधाने ।

काकवृन्देन

विजितराज्यमिव वृक्षगृहं भरितम् ।

यथा नीलचित्रपतङ्गः प्रसारयति पक्षद्वयम् ।

आवृणोति तोमिस्रं धरातलं गगनं तथा ।"

અર્થાત્ સાંજના સમયે સૂર્ય જ્યારે કમલિનીના ખોળામાં માથુ રાખીને સુઇ ગયો છે. પ્રિયતમા બોઘેણામાં દૂધને બદલે કદમનાં ફૂલો લઈને પાછી ફરી છે. માટીનું ઢેફું મારવાથી ઉડેલી માખીઓ જેવા તારાઓ છે જેનું આ વર્ણન મનને પ્રસન્ન કરે છે.

'जपा' (જાસૂદ) કાવ્યમાં કવિ કહે છે કે, લાલરંગની કરુણાસભર આંખોવાળી જાસૂદની કળી જાણે લાલરંગનું પાનેતર પહેરીને ઉભેલી પ્રિયતમા છે. જાસૂદની કળીને કવિ જુલિયટ કહે છે કવિ અતિશયોક્તિ ભરેલી કલ્પના કરતાં કહે છે કે, જો હું ગ્રીક ભાષાનો હોમર નામનો કવિ હોત તો હું जपा (જાસૂદનું ફૂલ) ને મારા મહાકાવ્યોની નાયિકા બનાવત.

'विचकिलम्' (ચમેલીનું ફૂલ) કાવ્યમાં કવિ ચમેલીના ફૂલને વિવિધ કલ્પનોથી વર્ણવે છે.

“यदा

अवगुण्ठनं ते

दूरीकरोमि

तदा

तव मुखे, तव स्पर्शदेशे, त्वद् ह्वदि,

तवच्चेष्टासु

विचकिलं विलसति

अज्ञोतप्रेम्णः स्मृतिभिः ।”

જ્યારે પર્વતના ઢોળાવ ઉપર ચંદ્ર અથમતો હોય ત્યારે તેમાં ચમેલીની મધુરતા દેખાય છે. જ્યારે સમુદ્રની ભરતી આવે છે અને તેના ફીણ વિખરાય છે ત્યારે જાણે ચમેલીની કળીઓ રેતી પણ વિખરાઈ જતી હોય તેવું લાગે છે. ધીમે–ધીમે ચમેલી કવિના પ્રણય પ્રદેશમાં પ્રવેશે છે. ચમેલીની મધુર સુગંધ તેનો શ્વેત રંગ ધીમે–ધીમે મૂર્ત સ્વરૂપને ત્યજીને અજ્ઞાત પ્રેમની સ્મૃતિ રૂપે અમૂર્ત બની જાય છે. ‘कुमारिका जातिलता’ કાવ્યમાં કવિને જૂહીનું પુષ્પ કોઈ કુમારી હોય એના જેવું લાગે છે. કવિ કહે છે કે –

“जातिलता – कुमारिकायाम्

अनुरागो मे ।

सा बध्नाति मे मनः

सुगन्धपाशेन ।”

रजनीगन्धा કાવ્યમાં કવિ નિરૂપે છે કે રજનીગંધાનાં સુંદર ફૂલો રાત્રે ખીલે છે. કવિને રજનીગંધાના ફૂલો ખૂબ ગમે છે આથી તેઓ લખે છે કે –

પાતાળથી અમૃતકૂપી લાવીને
નવડાવવી છે.
રજનીગન્ધા – તરુણીને
તાન્ત્રિકે મંતરેલા
કાળા દોરાથી તાવીજ બનાવીને
મારે એને બાંધવું છે.
જેથી એ વશીભૂત ન થાય કોઈના સંમોહન મંત્રથી !

પ્રશિષ્ટ સંસ્કૃત કવિતામાં પ્રકૃતિ વિશેનાં ઘણાં કાવ્યો છે પણ પ્રકૃતિને માનવસ્વરૂપ આપીને તેના પ્રત્યે પ્રેમ વ્યક્ત કરતી કાવ્યરચના બહુ ઓછી છે. અહિં કવિએ પ્રકૃતિને પ્રેયસી બનાવીને તેને પ્રેમ કર્યો છે.

'कुन्दकलिका' કાવ્યમાં મોગરાની કળીને કવિ યૌવન અને પ્રેમને ન જાણનારી કોઈક કિશોરી તરીકે વર્ણવે છે. મોગરાની કળી જાણે યૌવનની ઋતુના ઉંમરે ઉભેલી છે. પણ હજુ યુવાનીમાં પ્રવેશી નથી. આથી કવિ તેને શેકસપિયરના 'ટેમ્પેસ્ટ' નામના નાટકની નાયિકા સાથે સરખાવે છે. કવિ કહે છે કે, જાણે મોગરાની કળી શ્રી હર્ષવર્ધનને ' પ્રિયદર્શિકા' નાયિકા જેવી છે તે યૌવનમાં પ્રવેશવાની રાહ જોઈ રહી છે.

"रोहिणीव रत्यनभिज्ञेयं
कुन्दकलिका
कविताया किमपि रहस्यं जानातीव
मुकुलितनयना स्थिता ।
सा प्रतीक्षते
यौवनाय
ऋतुदेहलीस्थाने स्थित्वा
यथा हि
शेकसपियरस्य 'टेम्पेस्ट' नाटकस्य नायिका ।"

આ સ્તબકમાં કવિએ રાગ ઉપરની કેટલીક કવિતાઓ લખી છે. પ્રિયતમાં રીસાઈ ગઈ છે. પ્રિયતમાના રોષમાં શિખરણી છંદ જેવા ઊંચા સ્વર પણ નથી. સૂર્યની જેવી ગરમી પણ નથી, અહીં પ્રેમના રીસામણાંને કવિએ રાગના અવરોધ સ્વર સાથે સરખાવ્યા છે.

કવિ પાણીને ષોડશી એટલે કે, સોળ વર્ષની કન્યા સાથે સરખાવે છે. કવિ કહે છે કે જળરૂપી 'षोडशी' વિવિધરૂપો ધારણ કરે છે. સરોવરમાં તે મુગ્ધ કન્યા હોય છે, ઝરણામાં તેર–ચૌદ વર્ષની કન્યા જેવી હોય છે, નદીમાં યુવાન હોય છે, તળાવમાં પ્રેમથી થાકેલી હોય છે, કૂવામાં રીસાયેલી, સમુદ્રમાં પગલ્લા નાયિકા જેવી હોય છે. જળસુંદરી ઊંચા અને નીચા પ્રદેશમાં અભિસારિકા બનીને ફરે છે. ક્યારેક તે ગામડાની કન્યાની જેમ ભટકતી હોય છે તો ક્યારેક વાદળાની પાલખીમાં બેસીને નવવધૂની માફક ઘરે આવી જાય છે.

આ બધા કાવ્યોમાં કવિએ જુદા પ્રકારની કાવ્યસૃષ્ટિની રચના કરી છે. આમાં કલ્પનાનો વૈભવ, અતિશયોક્ત, ઉપમાં જેવા અલંકારો અને શૃંગાર તથા અદ્દભૂત રસનું મિશ્રણ છે. આમ, હર્ષદેવ માધવે જ સૌ પ્રથમ આધુનિક સંસ્કૃત સાહિત્યમાં આવી કૌતુકરાગી કવિતાઓ સર્જી છે.

(8) **<u>વિદેશજ વાદ</u> :**

"पैचित्र्यनवता, मुदिता, विश्वमैत्री, विदेशजवादे ॥"(18)

અર્થાત્ વિચિત્રતાથી નાવીન્ય, મુદિતા અને વિશ્વમૈત્રી વિદેશજવાદમાં હોય છે. વિદેશજવાદમાં અજ્ઞાત પ્રદેશોનું નિરૂપણ કરવામાં આવેલું હોય છે. તેનાથી વિચિત્રતા, નવીનતા વગેરે તત્વો નીરૂપાય છે. અપરિચિત પાત્રો, પ્રદેશોનું સૌંદર્ય અને પ્રાચીન કથાઓના સંદર્ભોનું આલેખન હોય છે. ટી.એસ. ઈલિયટે ભારતીય કથાઓના સંદર્ભો પોતાના કાવ્યોમાં વણી લીધા છે. સામાન્ય રીતે જેવુ હિમાલયમાં, તેવું આલ્પસ પર્વતમાં, જેવું કાશીમાં તેવું જેરુસલેમમાં, જેવું ગંગામાં તેવું નાઈલ નદીલમાં, જેટલું ગીતામાં તેટલું કુરાનમાં હોય ત્યારે કોઈ કવિ વિશ્વકવિ બની શકે છે. કવિની દુનિયામાં સમગ્ર ધરતી પોતાની ચેતનામાં રહે છે. જ્યાં ભાષા, દેશ, જાતિ, ધર્મ, સમ્પ્રદાયના ભેદો તેને આડે

આવતા નથી. રામકરણ શર્માની 'મોનાલિસા' રમાકાંત શુકલની 'ભાતિ મોરિશસમ્ રાધાવલ્લભ ત્રિપાઠીની 'આલ્પસપર્વતે મેઘદૂતમ્, અભિરાજ રાજેન્દ્રમિશ્રની 'રાંગડા', હરિદત્ત શર્માની 'થાઈભૂમિરિયમ્' રમાકાન્ત શુકલની' 'તુરિનોસપાદશતકમ્' અને હર્ષદેવ માધવના સેંકડો કાવ્યો આનાં ઉદાહરણો છે. પ્રભાકર કવઠેકર 'નિયાગભવ્યજલપ્રપાત' કાવ્યમાં લખે છે કે,

"नियागरा नाम जलप्रपातः प्रचण्डधारा निपतन्ति यत्र ।
चीनांशुकैस्तोयकणैश्चव रम्या सृष्टिर्नवोढेव सुखप्रदात्री ॥ = ददाति
स्वतश्वरन्ट्टवरस्य शीर्षे भव्यं झुपाहारगृहं च तीरे ।
अत्क्षिप्य दीप्त्या बहुवर्णधाराः नद्याः स्वशाटीपरिवर्तन तत् ॥"
(अर्वाचीन संस्कृतम्, ३०/१, १८१)

'कपोताक्षी नदी' કાવ્યમાં હર્ષદેવ માધવે દૂરના પ્રદેશનું વર્ણન કર્યુ છે. કાવ્યની શરૂઆત જ બાંગ્લાદેશની સરહદ પાસેથી થાય છે. 'कपोताक्षी नदी' જે બાંગ્લાદેશની સરહદ પાસે વહે છે તે કવિને શિવકુમાર જોશીની 'કલહંસી' નવલકથા વાંચીને જાગેલું સંવેદન છે.

"कपोताक्षी 'नदी पुरतो दृश्यते ।
कपोताक्ष्याः पारमस्ति
राइलगोलिकानादाः
रक्तरक्ताः शान्तिकपोताः दयन्ते,
निर्वासितानां तालपत्रशिविरेभ्य उद्गताः
धूमरेखाः
रून्धति सौन्दर्यम् ।"

આ કાવ્યમાં કવિ આપણને છેક ભારતથી બાંગ્લાદેશ સુધીની સફર કરાવે છે. અને યુદ્ધનું અને યુદ્ધ પછી છવાઈ જતી શાંતિનું વર્ણન કર્યું છે. કપોતાક્ષી નદીના કિનારે નિર્વસન માટે લોકો તાડપત્રીથી બનાવેલી ઝૂંપડીઓમાં રહે છે. અને નદીના સૌદર્યને હાનિ પહોંચાડે છે.

'केलिफोर्नियादेशस्य येशोमाइट कन्दारासु सांयतणे કાવ્યમાં કવિ પ્રકૃતિની સંવેદના વ્યક્ત કરતાં કહે છે કે –

"सूर्यमयूखाः

कन्दारापाषाणाग्रेषु

विलसन्ति । किशूंकवर्णाः ।

'लेकून' प्राणिनां नेत्राणि परितः

चकास्ते श्यामवर्णोऽन्धकारः।"

અર્થાત્

સૂર્યકિરણો સોહે કેસૂડાના વર્ણનાં

ગુફાઓના પથ્થરોની ટોચે !

'લેકુન' પ્રાણીની આંખોના કુંડાળામાં

ચમકે કાળો કાળો અંધકાર !

પાઈન વૃક્ષોની વચ્ચે

તેજ અને છાંયડાનું યુગલ

યમના પાડાની પીઠ પર સરકે.

'એમેજોન નદી' કાવ્યમાં જંગલો, પર્વતો અને વનરાજિમાંથી પોતાનો રસ્તો કાઢીને આ નદી કેવી રીતે વહે છે. તેને કવિ સુંદર સ્ત્રીના જુદા–જુદા રૂપો વિશે વર્ણવે છે.

''રહસ્યભરી દેખાય છે

એમેઝોન

વાસનાઓ જેવા રેતીના ઢગલા

પ્રણયના આવેગ જેવા જળપ્રપાતો

ક્યાંક –

ન વાંચેલ હૃદય જેવાં જંગલો

ક્યાંક –

એ દેખાય, ક્યાંક ન દેખાય વનરાજિમાં

એમેઝોન સુંદરી

અભિસારે નીકળે છે.''(19)

આ ઉપરાંત હર્ષદેવ માધવે पिछोलादीर्घिका (પિછોલા તળાવ ઉદયપુર) અને नेक्रोपोलिसस्थाने (નેક્રોપોલિસના સ્થળે) કાવ્યમાં પણ અજ્ઞાત અને વણખેડાયેલા પ્રદેશોનો ઉલ્લેખ કર્યો છે.

(9) **<u>જીવન સંવેદના</u> :**

કલકત્તાના સુપ્રસિદ્ધ કલ્પવલ્લી પારિતોષિક વિજેતા 'मृगया' કાવ્યસંગ્રહમાં હર્ષદેવ માધવે 20 જેટલા અછાંદસ કાવ્યોનો સમાવેશ કર્યો છે. આ કાવ્યસંગ્રહના પ્રથમ કાવ્ય 'मृगत्वम्' માં આપણને જીવનસંવેદના જોવા મળે છે.

કવિએ અહીં મૃગત્વમ્ કાવ્યમાં 'मृग' ના પ્રતીક દ્વારા માનવીની મનોદશાનું વર્ણન કર્યું છે. સામાન્ય માનવી હંમેશા ભય – ડર – બીકથી પોતાનું જીવન વ્યતીત કરે છે. કાવ્યની શરૂઆત 'शरयतनभयात्' 'બાણ પડવાના ભયથી' એવા વાકયથી કરી છે. કવિએ કાવ્યના આરંભે જ આપણને 'ભય' શબ્દથી પરિચિત કરી દીધા છે અને આ ભયનો રણકાર સમગ્ર કાવ્યમાં જોવા મળે છે. મૃગ જેમ બાણ પડવાના અવાજથી પહેલેથી જ

અર્ધજાગૃત મનમાં રહેલો ભય જાગૃત થાય છે અને હરણ પોતાની ગ્રીવા ડોક વાંકી કરીને પાછળ જોવે છે. ત્યારે ત્યાં બાણ, શિકારી કે પોતાનું મૃત્યુ પણ નથી પરંતુ તેની પોતાની અંદર છુપાયેલો ભય છે. તે જીવન નથી જીવતો પરંતુ ભય સાથે જીવે છે. તે પોતાની પ્રિયતમાને નહી પરંતુ પોતાના મનમાં રહેલી લઘુતાને ચાહે છે. છેલ્લે કવિ મૃગના પ્રતીક દ્વારા કહે છે કે,

"कोऽपि मम मृगत्वाम् मृत्यु ददातु ।"

એટલે કે કોઈ મારા મૃગત્વને મૃત્યુ આપો. આમ, માનવી પણ પોતાનું જીવન ભય સાથે વ્યતીત કરે છે અને જ્યારે તેન એ વાતની પ્રતીતી થાય છે કે ભય સાથે જીવવું એ મૃત્યુ બરાબર છે એનાં કરતાં તો મૃત્યુ જ વધારે સારું છે. અહીં કવિએ માનવીની જીવન સંવેદના ઉપર ભાર મૂકયો છે. માનવી હંમેશા સમાજથી ભયભીત થઈને જીવે છે અહીં આપણે આધુનિક સમાજનું ચિત્રણ જોઈ શકીએ છીએ.

अस्तित्व – ग्रहणम् કાવ્યમાં કવિ કહે છે કે,

"तत्रासि त्वम् ।

तत्रासि मुक्तिः ।

तत्रास्ति सूर्योदयद्युतिः ।

तत्र भवेत् रम्यप्रकाशस्य सृष्टिः ।

तत्र भवेद् वरेण्यं तेजसो वातायनम् ।"(20)

એટલે કે માનવીના જીવનમાં કયારેક સૂર્ય જેવો તડકો એટલે કે મુશ્કેલ સ્થિતિ આવે છે કે આવા સમયે વ્યક્તિએ ડર્યા વિના બળપૂર્વક મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવો જોઈએ. અને તેમાંથી પોતાનો માર્ગ કાઢવો જોઈએ. તો કયારેક જીવનમાં પ્રકાશ એટલે કે અજવાળું પણ જોવા મળે છે અને અચાનક વ્યક્તિની અંદર તેજ (બળ) આવી જાય છે અને

તે પડકારોનો સામનો કરવા સક્ષમ બની જાય છે. ત્યારબાદ હર્ષદેવ કહે છે કે પ્રેમને કોઈપણ પ્રકારની ભાષાની જરૂર નથી. એકબીજા પ્રત્યે પ્રેમ, સ્નેહ, લાગણી આપણે જોઈ શકીએ છીએ, તેના માટે અલગ ભાષાની જરૂર નથી.

જ્યારે પૃથ્વી અને સૂર્ય કે પૃથ્વી અને ચંદ્રની વચ્ચે અન્ય ગ્રહ આવે ત્યારે ગ્રહણ સર્જાય છે તેવી જ રીતે કવિનું અસ્તિત્વ અને જ્યાંથી પ્રકાશ મળવાની અપેક્ષા છે તે પ્રિથા વચ્ચેના અંતરાયોનું વર્ણન અહીં છે.

मम जीवितम् કાવ્યમાં કવિ ઉદાહરણ આપીને આપણને સમજાવે છે.

"Without warning,
As a shirlarind,
suoops on as oak;
Love shakes my heart"
- Sappho

એક વૃક્ષ સમુદ્ર કિનારે જોવા મળતું વૃક્ષ છે. સમુદ્ર કિનારે વાવાઝોડું ગમે ત્યારે અચાનક આવે છે અને ઓક વૃક્ષને હચમચાવી નાખે છે એવી જ રીતે પ્રેમ અચાનક મારા હૃદયને હચમચાવી નાખે છે.

પ્રેમના વંટોળમાં મારું હૃદય પાંદડું બનીને ઉડવા લાગે છે. મન ફૂલ જેવું કોમળ હોય છે પરંતુ કોઈ વસ્તુ મેળવવાની ઈચ્છાની એકાંતમાં મન જે આમ – તેમ ફરતું હોય છે તે પુષ્પની કળીની જેમ બિડાઈ જાય છે, મનને ચંચળ માનવામાં આવે છે અને તેથી જ વ્યક્તિ પોતાને ગમતા મનોરથ સેવે છે. પરંતુ આ મનોરથના પ્રવાહમાં તે પોતાનો સંકલ્પ ભૂલી જાય છે, તે સ્વપ્નમાં જીવે છે અને ધ્યેય ભૂલી જાય છે.

हस्ता: કાવ્યમાં કવિએ મુંબઈ નગરીમાં વસતાં લોકોના જીવન વિશેનું વર્ણન કર્યું છે મુંબઈ શહેર કેટલું વ્યસ્ત છે તે બતાવ્યું છે. મુંબઈમાં રહેતા લોકોને પોતાના માટે પણ સમય નથી હોતો. તેઓનું જીવન ખૂબ દોડધાતભર્યું હોય છે. કવિએ કાવ્યની શરૂઆતમાં જ ટ્રેન વિશે વાત કરી છે.

"उच्छ्वासगन्धयुक्तेषु रेल्वेयानकक्षेषु

लोहदण्डग्रहणव्यस्ताः स्वोदरक्षुच्छान्तये

धावन्तो हस्ताः

'नेपयन्सी' मार्गसपीमे रकतप्रकाशविस्तारे ।"

ટ્રેનમાં લોકો એટલા નજીક–નજીક ઊભા હોય છે કે – એકબીજાના શ્વાચ્છોશ્વાસની દુર્ગંધ અનુભવે છે. ટ્રેનમાં એટલી ભીડ હોય છે કે લોકો ટ્રેનમાં દાંડિયો પકડયા વગર ઊભા રહી શકતા નથી. મુંબઈમાં લોકો પોતાના નોકરી – ધંધા – વ્યવસાય અર્થે અવરજવર કરવા મોટાભાગે ટ્રેનનો જ ઉપયોગ કરે છે. કવિએ અહીં રેડલાઈટ વિસ્તારમાં રહેતી રૂપજીવિનીઓ, ધારાવીના મજૂરો, પ્રિયતમા, ભિખારી, ચોર વગેરે લોકોનાં જીવન વિશે વાત કરી છે. અને છેલ્લે કવિ કહે છે કે –

"एतेषु हस्तेषु

जीवनरेखा न सन्ति,

केवलाः सन्ति मृत्युरेखाः ।"

અર્થાત્ આ હાથોમાં જીવનરેખા નથી માત્ર કે મૃત્યુરેખાઓ. 'प्राणिसंग्रहालय बद्धस्य सिंहस्य विषाद:' કાવ્યમાં પણ હર્ષદેવ માધવે જીવન સંવેદના વ્યક્ત કરી છે.

"भीरूकाः !

किं पश्यथ ?

माम् ? वा मम पारवश्यम् ?

यूपं क्षिपथ लोष्टगुटिकाम,

वदथ हर्षोद्गारान्,

प्रलपथ परिहासशब्दान् ।"

અર્થાત્ ડરપોકો ! કાયદો ! શું જુઓ છો ? મને ? કે મારી પરંતત્રતાને ? તમે ફેંકો છો કાંકરીઓ, કરો છો હર્ષના ઉદ્ગારો, પ્રલાપ કરો છો મશ્કરીના વાકયોનો.

અહીં કવિએ પ્રાણીસંગ્રહાલયમાં બંધાયેલા સિંહના ઉદાહરણ દ્વારા સામાન્ય માનવીની જીવન સંવેદના વર્ણવી છે. સિંહને જંગલનો રાજા કહેવામાં આવે છે જે સિંહની એક ગર્જનાથી સમગ્ર જંગલ હલી જતું હતું. બધા પ્રાણીઓને જેની બીક લાગતી હતી એ જ સિંહ આજે બંધાયેલો કેદ છે તો તેના અવાજથી એક તણખલુંય હલતું નથી. અહીં કવિએ સત્તાનું મહત્વ દર્શાવ્યું છે. આધુનિક સમયમાં છળ–કપટ એ જ સત્ય છે વીરતા, સાહસ તુચ્છ છે. આજના સમયમાં વ્યક્તિ છળ–કપટ કરીને જ આગળ આવે છે વીરતા – પરાક્રમતાનું કોઈ મહત્વ રહ્યું નથી. આમ, અહીં આધુનિક યુગમાં જીવતા માનવીની જીવન સંવેદના વ્યક્ત કરી છે.

(10) **શ્રમિક જીવનસંવેદના :**

હર્ષદેવ માધવે પોતાના કાવ્યોમાં श्रमिक એટલે કે મજૂર વર્ગના લોકો વિશે પણ ચર્ચા કરી છે. તેમણે રચેલા ઘણાં કાવ્યોમાં આપણે મજૂર વર્ગના લોકોની જીવન સંવેદના જોઈ શકીએ છીએ. જેમ કે पत्रालये (In the Post office) કાવ્યમાં.

"पत्रालये
मुद्राबध्धशणस्यूतोदघाटनाद्
निर्गच्छन्ति
जनानां भाग्यक्षणाः ।
पञ्चविंशतिपैसामूल्यङ्किते पत्रे
विवाहाभ्यर्थना ।"

આ કાવ્યમાં Post office માં કામ કરતાં કલાર્ક અને મજૂર વર્ગ વિશે વાત કરી છે. અને તેમને પડતી મુશ્કેલીઓ વિશે ચર્ચા કરી છે. સમગ્ર કાવ્ય શ્રમિક વર્ગને ઉદ્દશીને જ લખાયેલું છે.

કૃષીબલ: કાવ્યમાં પણ ખેડૂતોની સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. ખેડુતો ખેતી ઉપર આધારિત હોય છે તેનાથી જ તેમનો જીવનનિર્વાહ ચાલે છે.

"मम पूर्वजैः

उप्तानि बीजानि

किन्तु

यथाकालम्

उप्ता तेऽपि बीजरूपा भूत्वा ।

अहमपि ... ।

अहं वहामि वृषभौ ।

वृषभौ मां वहतः ।"

પાક નિષ્ફળ જવાથી ખેડૂતોની આર્થિક અને માનસિક સ્થિતિ નબળી પડી જાય છે. તેઓ પોતાને ધરતીનો ભાર માનવા લાગે છે. તેઓ મુશ્કેલીઓનો સામનો કરતાં – કરતાં થાકી જાય છે અને આવી રીતે જીવવું એના કરતાં મૃત્યુ વધારે સારું એવું તેઓ માને છે. આ કાવ્યમાં હર્ષદેવ માધવે ખેડૂતોના જીવનમાં આવતી મુશ્કેલીઓ વિશે આપણને માહિતગાર કર્યા છે.

આ ઉપરાંત "तैलिकबलीवर्दस्य स्वोकितः" કાવ્યમાં ઘાણીમાંના બળદની વાત દ્વારા કવિએ શોષિત અને શ્રમિક વર્ગનું નિરૂપણ કર્યું છે અને પોતાની વાત રજૂ કરવા ગ્રીકપુરાણકથાનો આધાર લીધો છે. ઘાણીમાં રહેલો બળદ આજીવન ચાલી–ચાલીને તેલ કાઢે છે. બળદ કહે છે કે પોતે તો ફરે છે પરંતુ તેનું નસીબ એક જ જગ્યાએ સ્થિર ઊભું રહી ગયું છે. પોતે ભાર ઉઠાવીને થાકી ગયો છે અને તેને સામે મૃત્યુ દેખાય છે.

હર્ષદેવે અહીં ઘાણીમાંના બળદની સ્વગોક્તિ દ્વારા શ્રમિક લોકો વિશે વાત કરી છે. નિમ્ન પ્રકારનું કામ કરતી વ્યક્તિને લોકો ઘૃણાની દૃષ્ટિથી જોવે છે. તેની નિંદા કરે છે તે

યોગ્ય નથી અને તેથી તે વ્યક્તિ પોતાને નિમ્ન માને છે અને તે પોતાને હીન ભાવે જોવે છે અને પોતાના મૃત્યુને આવકારે છે.

(11) **<u>વૈશ્વિક સમસ્યાઓ પરત્વે સંવેદના</u> :**

સાહિત્ય સમાજનું દર્પણ છે એ ન્યાયે કવિની કૃતિમાં તત્કાલીન સમાજનું નિરૂપણ અવશ્ય જોવા મળે છે. કોઈપણ સમાજનાં સારાં–નરસાં પાસાઓને દર્શાવવા તેની સામે કવિઓનું કૃતિરૂપી દર્પણ ધરી દેવામાં આવે તો તે સમાજ પોતાના ગુણ–દોષોનું સ્વરૂપ અવશ્ય જોઈ શકે છે.

"अयं निजः परो वेत्ति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥"(21)

અર્થાત્ આ પોતાનો કે પારકો છે એવી ગણના હલકાં મનવાળાની હોય છે જ્યારે ઉદાર મનવાળાઓને તો સમગ્ર પૃથ્વી જ કુટુંબ છે તેમજ यत्र विश्वं भवति एकनीडम् (યજુ, 32, 8) જ્યાં વિશ્વ એક માળો બની જાય છે. આમ, સંસ્કૃત સાહિત્ય વિશ્વબંધુત્વની ભાવનાને વ્યક્ત કરે છે. આધુનિક કવિ હર્ષદેવ માધવે તેમની કવિતાઓમાં વૈશ્વિક સમસ્યાઓનો ઉલ્લેખ કર્યો છે. માનવતા ભૂલેલો માણસ લૂંટફાટ, બળાત્કાર, ચોરી, હત્યા, યુદ્ધ, આતંકવાદ જેવી પ્રવૃતિ તરફ વળ્યો છે. અને તેથી જ વૈશ્વિક શાંતિ જોખમાઈ છે.

'मृगया' કાવ્યમાં કવિએ વૈશ્વિક સમસ્યાઓનો ઉલ્લેખ કર્યો છ. આંતકવાદ વિશે વાત કરતાં કવિ કહે છે કે અમેરિકાએ 1945 માં જાપાનના બે શહેરો હિરોશીમા (6 ઓગષ્ટ) અને નાગાસાકી (9 ઓગસ્ટ) ઉપર અણુબોંબ વિસ્ફોટ કર્યો જેમા ઘણાં નિર્દોષ વ્યક્તિઓ અને અબોધ પ્રાણીઓના મૃત્યુ થયા હતા. આ બે શહેરોના આજુબાજુના લોકોમાં અને તેને લીધે આવનારી પેઢીમાં વંશીય ખામી જોવા મળે છે. હર્ષદેવ માધવે ત્રાસવાદી – આંતકવાદીઓને વાઘ સાથે સરખાવ્યા છે.

"व्याघ्र: पंजाबी / पाकिस्तानी / तमिलोग्रवादी

चीनी / नकसलवादी / हरानी / पेलेस्टीनी वा भवेत् ।

पश्वार्धेन पूर्वकाय भूयसा पविष्टोइह

शिखरपरिषद: शान्तिवार्ता शृणोमि ॥"(22)

આંતકવાદીઓ ગમે તે દેશના હોઈ શકે. પંજાબી (ભારત), પાકિસ્તાન, ઈરાન, ચીન, પેલેસ્ટાઈન વગેરે. આ ઉગ્રવાદી, નકસલવાદીઓ નિર્દોષ વ્યક્તિઓને હાનિ પહોંચાડે છે. અને દેશમાં અશાંતિ ફેલાવે છે. અહીં કવિએ વર્તમાન સમાજનું દૂષણ આંતકવાદને પોતાના કાવ્યમાં વણી લીધી છે. અશાંતિની વાત કર્યા બાદ કવિ શાંત સમાચારની વાત પણ સહજતાથી કરે છે. કવિએ શિખર પરિષદ વિશે વાત કરી છે તેને SAARC SUMMITS એટલે કે South Asian Association For Regional Cooperation કહે છે.

SAARC SUMMITS દરે એકાદ બે વર્ષે યોજાય છે. તે સંમેલનમાં એશિયાના ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, માલદીવ, શ્રીલકા, ભૂતાન, નેપાળ વગેરે દેશો ભાગ લે છે જેમાં આતંકવાદ, નકસલવાદ, ડ્રગ માફિયા વગેરે કારણો વિશે ચર્ચા કરી દેશમાં શાંતિ કેમ સ્થાપવી એ વિશે ચર્ચા – વિચારણા કરવામાં આવે છે.

'बर्लिन–नगरभित्ति – नाशकेभ्यो हस्तेभ्य: કાવ્યમાં કવિએ બર્લિન નગરમાં થયેલા વિભાજન તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વૈમનસ્યથી સ્નેહનો નાશ થાય છે અને વેરભાવમાં વૃદ્ધિ થાય છે. બર્લિન નગરમાં પણ પૂર્વ બર્લિન અને પશ્ચિમ બર્લિન વચ્ચે જે દીવાલ ચણાયેલી છે તેના વિશે વાત કરી છે. બર્લિનના લોકોએ 11/11/1989 ના રોજ આ દીવાલ તોડી પાડી અને શાંતિ સ્થાપી. આ દીવાલ તૂટતાની સાથે જ ચારેબાજુ સ્નેહભર્યું વાતાવરણ ફેલાય છે. કવિ કહે છે કે આજે જાણે ઈસુના શરીરમાં લાગેલા ખીલાઓ ઉખડી રહ્યા છે. માતા મેરીની આંખનાં આંસુઓ લૂછાઈ રહ્યા છે. કવિ ઈચ્છ છે કે મનુષ્ય હૃદયનું કાલુષ્ય નાશ થાય અને સામંજસ્ય પ્રસરે.

'मानचित्र-पूरण-प्रश्नः' જેને 'નકશાપૂરણીનો પ્રશ્ન' કહેવામાં આવે છે તે અનોખી ભાત ઉપસાવે છે. કાવ્યનું શીર્ષક જ નવીનતા સભર છે. કવિએ કાવ્યમાં ભારતના નકશાનું ચિત્ર દર્શાવ્યું છે તેમાં અમુક બાબતો દર્શાવવાનું કહ્યું છે. અહીં કવિએ આપણી સમક્ષ અનેક ગંભીર પ્રશ્નો રજૂ કર્યા છે. જેમકે – સાંપ્રદાયિક સદ્ભાવ, અનીતિરહિત શુદ્ધ પરીક્ષા વગેરે.

- **व्यवस्थायुकत विद्यासंस्थाओ :**

અમુક સંચાલકો પોતાની સંસ્થા શરૂ કરી દે છે વિદ્યાર્થીઓ પાસેથી ફી ના રૂપમાં પૈસા લઈ લે છે. પરંતુ એ પ્રમાણમાં સવલત–વ્યવસ્થા નથી આપતા. તેઓ પોતાની ઓળખાણો દ્વારા જે તે ગામ શહેરમાં સંસ્થાઓ ખોલી દે છે પરંતુ તેનું માળખું માત્ર કાગળો પૂરતું જ સીમિત રહે છે.

- **बूभूक्षितदरिद्रनारायणरहितं स्थानम् :**

આપણા દેશમાં લાખો લોકો ભૂખમરાથી પીડાય છે. આવા લોકો પાસે એક વખત ખાવાના પણ સાંસા પડે છે. સરકાર આવા ગરીબ લોકોના અન્ન માટેનો હિસ્સો રાખે છે પરંતે એ હિસ્સો ગરીબ લોકો સુધી પહોંચે એ પહેલાં જ પૂરો થઈ જાય છે અને તેથી આવા ગરીબ બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો કુપોષણનો ભોગ બને છે જે આજના સમયનું ગંભીર સમસ્યા છે.

- **भ्रष्टाचारराहित्यम् :**

આજે દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર વધી રહ્યો છે. દૂધથી માંડીને અનાજ, શાકભાજી જેવી જીવનજરૂરિયાતની ચીજવસ્તુથી માંડીને પેટ્રોલ, કેરોસીન આ ઉપરાંત પણ અનેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર થાય છે. સરકારી ઓફિસોમાં પણ ભ્રષ્ટાચાર થાય છે. લોકોએ પોતે જ સ્વશિસ્તમાં રહી ભ્રષ્ટાચારને દૂર કરવો પડશે.

➢ <u>नेतॄणां वचनपालनम् :</u>

લોકોને નેતાઓમાં વિશ્વાસ જ નથી રહ્યો કારણકે નેતાઓ પોતાની વોટબેંક ઊભી કરવા ચૂંટણી આવે ત્યારે પોતાના ભાષણોમાં જાહેરમાં અનેક વચનો પ્રજાને આપે છે. પરંતુ જ્યારે તે આ પ્રજા દ્વારા ચૂંટણી જીતી જાય છે પછી પોતે કહેલા વચનો જ ભૂલી જાય છે. આથી લોકોને નેતાઓ ઉપર વિશ્વાસ રહ્યો નથી માટે નેતાઓએ પોતાની જવાબદારી સમજીને પોતે કહેલા વચનો ઉપર અમલ કરવો જોઈએ.

➢ <u>नागरिकेषु प्रामाणिकता :</u>

કવિ નેતાઓને જ નહીં પરંતુ નાગરિકોને પણ પોતાની ફરજ પ્રત્યે સભાન બનાવતા જણાવે છે કે નાગરિકોએ પણ પ્રામાણિક રહેવું જોઈએ. જેમ કે, નાગરિકોએ પોતાના દેશના નેતાને વોટ આપતાં પહેલાં તેના વિશે જાણી વિચારીને પછી જ વોટ આપવો જોઈએ. ઘણા લોકો નેતાઓએ મોકલેલા દલાલો પાસેથી પૈસા લઈને જે તે નેતાને વોટ આપે છે અને પછી પોતે જ એ નેતાની ટીકા કરે છે. જો વ્યક્તિ પોતે પ્રામાણિક હોય તો એ બીજાને કહી શકે. આમ, નાગરિકોએ કોઈપણ કાર્યમાં પ્રામાણિક રહેવું જોઈએ.

➢ <u>उत्कोचहरसेवकरहितं व्यवस्थातन्त्रम् :</u>

અર્થાત્ લાંચિયા નોકરી વગરનું વ્યવસ્થાતંત્ર, કવિએ કાવ્યમાં લાંચ–રુશ્વત વિશે પણ ચર્ચા કરી છે. સરકારી ઓફિસોમાં જે તે વિભાગમાં કોઈપણ કામ લાંચ આપ્યા વગર થતું જ નથી. પૈસા આપીને જ પોતાનું કામ પૂરું કરાવી શકાય છે. આવા લાંચ લેતા લોકોને ઓફિસમાંથી બરખાસ્ત કરવા જોઈએ.

ઉપરની બાબતો સમગ્ર ભારતના નકશામાં આપણે કયાંય નહીં દર્શાવી શકીએ. કવિ કવિતાના માધ્યમથી ઉપદેશ આપવાના બદલે મૌન બનીને ઈશારો

કરે છે કે આજે આપણા ભારત દેશની કેવી સ્થિતિ છે અને તેને માટે કઈક અંશે આપણે પણ જવાબદાર છીએ.

बुद्धस्य भिक्षापात्रे કાવ્યસંગ્રહના षदरीकलम्, कारगिलम्, देवदत्तः અને अयोध्या કાવ્યોમાં હર્ષદેવ માધવે વૈશ્વિક સમસ્યાઓનો ઉલ્લેખ કર્યો છે.

હર્ષદેવ માધવ તેમના ઉક્ત કાવ્યોમાં ભારતની પ્રવર્તમાન ધાર્મિક, રાજકીય, આર્થિક, સામાજિક તેમજ શૈક્ષણિક બદીઓનું નિરૂપણ કરે છે. તેઓ ભારતની દુર્દશાનું શબ્દચિત્ર રજૂ કરે છે. કવિને દેશની દુર્દશા શૂળની જેમ પીડા આપે છે. કવિ નકારાત્મક બાબતો વર્ણવી તે બાબતો પ્રત્યે જાગૃતિ લાવી રાષ્ટ્રભાવનું સિંચન કરે છે. વિશ્વબન્ધુત્વની વાતો કરતું ભારત આજે ભાષાઓના ઝઘડામાં તથા અનેક ધર્મોમાં વિભક્ત થઈ ગયું છે. ભારતે આંતરિક વિખવાદ પર ધ્યાન આપી તેનો નાશ કરવો જોઈએ. લોકો ભોગવાદી ચાર્વાકોની વિચારસરણીમાં માને છે. આથી જ ભોગવિલાસમાં ડૂબેલું ભારત વિશ્વબેંકનું દેણું પણ ભૂલી ગયું છે. મંદિર–મસ્જિદના ઝઘડામાં દેશની શાંતિ લુપ્ત થઈ છે. એમ કહી રામજન્મભૂમિ વિવાદને યાદ કરે છે.

કવિ અસામાજિક તત્વોની અરાજકતાનું વર્ણન કરે છે. ભારત ઠગ, ચોર, સ્વાર્થીઓથી ઠગાયેલું છે. ભરી સભામાં જ્યાં દ્રૌપદી પોતાના વસ્ત્રાહરણને લીધે ચીત્કાર કરે છે તેવું ભારત કંસ અને દુર્યોધનરૂપી દુર્જનોથી ભરેલું છે. ભારત દાઉદ, શકીલ, સાલેમ જેવા ભાઈલોકોથી ઘેરાયેલું છે. કવિ ભ્રષ્ટાચાર તરફ પણ પોતાનો આક્રોશ વ્યક્ત કરે છે. કવિ નેતાઓ ઉપર પણ પોતાનાં વ્યંગ્યબાણો છોડે છે. નિર્દોષને કઠોર સજા મળે છે જ્યારે દોષિત નેતાઓને કલીનચીટ મળે છે. નેતાઓ ચૂંટણી સમયે કરેલા વાયદાઓ ભૂલી જાય છે. સરકારી યોજનાઓ જ્યાં કાગળ ઉપર રહે છે એવી ભારતને રામરાજ્ય કહેતા કવિ પોતાનો આક્રોશ ઠાલવે છે.

પર્યાવરણ વિશે ચિંતા વ્યક્ત કરતાં હર્ષદેવ માધવ કહે છે કે ઉદ્યોગનું રસાયણયુક્ત ઝેરી પાણી નદીમાં ભળી તેને દૂષિત બનાવે છે. પેટ્રોલના ધુમાડા વાતાવરણમાં ભળી રહ્યા

છે. કપાયેલા વૃક્ષોથી વનની શોભા નાશ પામી છે. છતાં પણ લોકોમાં પર્યાવરણ અંગેની ચેતના આવતી નથી. કવિ ઘટતી જતી સ્ત્રીઓની સંખ્યા અને સ્ત્રીભૃણ હત્યાથી વ્યથિત છે. તેઓ નારીની અવદશાને વર્ણવે છે.

આમ मृगया, बुघस्य भीक्षापात्रे તથા तव स्पर्शे स्पर्शे એ ત્રણેય કાવ્ય સંગ્રહોનાં કાવ્યોનું રસદર્શન કરતાં આપણે નોંધ્યુ તે મુજબ કવિ શ્રી હર્ષદેવ માધવે તેમનાં ઉક્ત કાવ્યોમાં નારી ચેતના, દલિત ચેતના, સામાજિક ચેતના, શ્રમીક જીવન સંવેદન આમ આદમીનું જીવન સંવેદન અસ્તિત્વવાદ, કૌતુકરાગી કવિતાવાદ, ઉપરાંત રાષ્ટ્રીય અને વૈશ્વિક ચેતનાનાં સ્પંદનો અને સંવેદનો સુપેરે ઝીલ્યાં છે.

# પ્રકરણ : 4 પાદટીપ

1. માધવ ડો. હર્ષદેવ, वागीश्वरीकण्डसूत्रम्, અનુઃ ખાંડવાળા ડો. રવીન્દ્રકુમાર વી. જોશી. ડો. દક્ષા કે. નીરવ પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ઓક્ટોબર 2015-16, પૃ. 74.
2. માધવ ડો. હર્ષદેવ, बुद्धस्यभिक्षापात्रेः પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. 2009, પૃ. 15.
3. સંપાદકો : પ્રા. દવે. પી.સી., પ્રા. દવે, સુરેશ, ભટ્ટ ડો. વસંત, उत्तररामचरितम्, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, પ્ર.આ. 1992 – 1993
4. માધવ ડો. હર્ષદેવ, तव स्पर्शे स्पर्शे, સાહિત્ય અકાદમીઃ દિલ્હી, પૃ. 120.
5. માધવ, ડો. હર્ષદેવ, तव स्पर्शे स्पर्शे, સાહિત્ય અકાદમી : દિલ્હી, પૃ. 110.
6. માધવ ડો. હર્ષદેવ, वागीश्वरीकण्डसूत्रम्, અનુ. ખાંડવાળા ડો. રવીન્દ્રકુમાર વી. જોશી, ડો. દક્ષા કે, નીરવ પ્રકાશન, અમદાવાદ; પ્ર.આ. ઓક્ટોબર 2015-2016, પૃ. 127.
7. એજન, પૃ. 55
8. wikipedia : https://en.m. wikipedia.org / wiki / social_consciousness
9. સંપાદક : પ્રજાપતિ ડો. મણિભાઈ, સંસ્કૃત ભાષાની યાદગાર પંક્તિઓ, દર્શિતા પ્રકાશન, મહેસાણા, નવી આવૃતિ : જાન્યુઆરી–2012, પૃ. 31.
10. Keith, A.B. Sanskrit Drama, First Edition, 1924 Reprint – 1959, Page : 280-281.

11. जानी डॉ. अरूणोदय, 'संस्कृत कविता मे नूतनप्रवाह, आधुनिक संस्कृत में अर्थपूर्ण अभिव्यकित की कविता, 1986, પૃ. 12.

12. માધવ ડો. હર્ષદેવ, वागीश्वरीकण्डसूत्रम्, અનુ. ખાંડવાળા ડો. રવીન્દ્રકુમાર, જોશી ડો. દક્ષા કે, નીરવ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ઓકટોબર : 2015-2016, પૃ. 62.

13. માધવ ડો. હર્ષદેવ, बुद्धस्य भिक्षापात्रे, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. 2009, પૃ. 124.

14. માધવ ડૉ. हर्षदेव, वागीश्वरीकष्ठसूत्रम्, અનુઃ ખાંડવાળા ડો. રવીન્દ્રકુમાર, જોશી, ડૉ. દક્ષા કે. નીરવ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ઓકટોબર : 2015-2016, પૃ. 58.

15. માધવ ડૉ. હર્ષદેવ, मृगया, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. 1994, પૃ. 40.

16. માધવ ડો. હર્ષદેવ, वागीश्वरीकण्डसूत्रम, અનુઃ ખાંડવાળા, ડૉ. રવીન્દ્રકુમાર, જોશી ડૉ. દક્ષા કે., નીરવ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ઓકટોબરઃ 2015-2016, પૃ. 65.

17. માધવ ડૉ. હર્ષદેવ, तव स्पर्शे स्पर्शे, સાહિત્ય અકાદમીઃ દિલ્હી, પૃ. 120.

18. માધવ ડૉ. હર્ષદેવ, वागीश्वरीकष्ठसूत्रम्, અનુ. ખાંડવાળા ડૉ. રવીન્દ્રકુમાર, જોશી, ડૉ. દક્ષા કે. નીરવ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ઓકટોબરઃ 2015-2016, પૃ. 69.

19. માધવ ડૉ. હર્ષદેવ, तव स्पर्शे स्पर्शे, સાહિત્ય અકાદમી : દિલ્હી, પૃ. 65.

20. માધવ ડો. હર્ષદેવ, मृगया, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આઃ 1994, પૃ. 14.

21. पण्डित भट्ट नारायण विरचित, हितोपदेश मित्रलाभः ।, सरस्वती पुस्तक भण्डार, अद्यतन आवृति : 1992-1993

22. **માધવ ડૉ. હર્ષદેવ, મૃગયા, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.:** 1994, **પૃ.** 10.